સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 44**

[OCT-NOV - 2023]
[29/10/23 to 04/11/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**29 OCT-2023**

- દિવસ મહિમા : 29 ઓક્ટોબર, વિશ્વ સોરાયિસસ દિવસ, આતંરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ ...... 02
- જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટ : ઉત્તરાખંડ ...... 02
- QUESTION ANSWERS ...... 05

**30 OCT-2023**

- દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ (World Savings Day) ...... 06
- પેરા એશિયન ગેમ્સ (Asian Para Games) ...... 06
- રાજકોટમાં 'માડી' ગરબા પર વર્લ્ડ રેકોર્ડ ...... 10
- QUESTION ANSWERS ...... 12

**31 OCT-2023**

- દિવસ મહિમા : 31ઓક્ટોબર, વિશ્વ શહેર દિવસ, શ્રીમતી ઈન્દિરાગાંધી પુણ્યતિથિ, શ્રી સરદાર પટેલ જન્મદિન, રાષ્ટ્રીય એકતા ...... 13
- તકેદારી જાગૃતિ સપ્તાહ 2023 (Vigilance Awareness Week) ...... 25
- G7 વેપાર મંત્રીઓની બેઠક ...... 25
- QUESTION ANSWERS ...... 28

**01 NOV-2023**

- દિવસ મહિમા : 01 નવેમ્બર, વિશ્વ શાકાહાર દિવસ ...... 32
- 1 નવેમ્બર : 7 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોનો સ્થાપના દિવસ ...... 32
- 16મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023 ...... 32
- મેરી માટી મેરા દેશ અભિયાનની અમૃત કળશ યાત્રાનો સમાપન કાર્યક્રમ અને 'મેરા યુવા ભારત' પ્લેટફોર્મનો શુભારંભ ...... 33
- શ્રી લિયોનેલ મેસ્સીએ આઠમી વખત બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો ...... 35
- QUESTION ANSWERS ...... 37

**02 NOV-2023**

- દિવસ મહિમા : 02 નવેમ્બર, International Day to end Impunity for Crimes Against Journalist ...... 38
- ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેન : એકતાનગર થી અમદાવાદ ...... 38
- SBIએ શ્રી એમ.એસ.ધોનીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા ...... 38
- ભારતીય ચૂંટણી પંચે અભિનેતા રાજકુમાર રાવને તેના 'નેશનલ આઈકન' તરીકે નિયુક્ત કર્યા ...... 39
- કોઝિકોડ અને ગ્વાલિયરને ક્રિએટિવ સિટીઝની પ્રતિષ્ઠિત યાદીમાં ઉમેરવામાં આવ્યા ...... 39
- ભારત અને બાંગ્લાદેશે સંયુક્ત રીતે ત્રણ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું ...... 40
- QUESTION ANSWERS ...... 42

**03 NOV-2023**

- દિવસ મહિમા : 03 નવેમ્બર, આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ ડે ...... 43
- નોર્વે ઉત્તરાખંડમાં ભારતના 'હંગર પ્રોજેક્ટ'ને મદદ કરશે ...... 43
- દક્ષિણ-પૂર્વ એશિયા માટે WHO પ્રાદેશિક સમિતિનું 76મું સત્ર ...... 44
- સુશ્રી સાયમા વાઝેદ દક્ષિણ-પૂર્વ એશિયા માટે WHOના પ્રાદેશિક નિર્દેશક તરીકે ચૂંટાયા ...... 44
- QUESTION ANSWERS ...... 45

**04 NOV-2023**

- ભારતીય વાયુ સેના (IAF)એ ચીન અને પાકિસ્તાનની સરહદ પર S-400 મિસાઈલ સ્ક્વોડ્રન તૈનાત કરી ...... 46
- વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023 ...... 48
- QUESTION ANSWERS ...... 49

**ONE LINER** ...... 50

**QUESTION OF THIS WEEK** ...... 55


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 29 ઓક્ટોબર, (1) વિશ્વ સોરાયિસસ દિવસ (World Psoriasis Day)
## (2) આતંરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ (International Internet Day)

### વિશ્વ સોરાયિસસ દિવસ



દર વર્ષે 29 ઓક્ટોબરના રોજ 'વિશ્વ સોરાયિસસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સોરાયિસસ અને સોરાયાટિક સંધિવાથી અસરગ્રસ્ત લોકોના જીવનની ગુણવતામાં સુધારો કરવા સંબંધિત જાગૃત્તિને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2004માં ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોરાયિસસ એસોસિએશન (IFPA) દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વ સોરાયિસસ દિવસ 2023ની થીમ 'Access for All' છે.
- સોરાયસીસ એ એક રોગ છે. જે ઓવરએક્ટિવ ઈમ્યુન સિસ્ટમના કારણે થાય છે.
- સામાન્ય વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ 30 દિવસમાં નવા કોષો ઉત્પન્ન કરે છે, જ્યારે સોરાયિસસના દર્દીઓનું શરીર 2-3 દિવસમાં નવા કોષો ઉત્પન્ન કરે છે.

## જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટ : ઉત્તરાખંડ

તાજેતરમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA)એ ઉત્તરાખંડના જમરાની ડેમ બહુહેતુક પ્રોજેક્ટને 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના–પ્રવેગિત સિંચાઈ લાભ કાર્યક્રમ (PMKSY-AIBP) હેઠળ સમાવેશ કરવાની મંજૂરી આપી છે.



- આ પ્રોજેક્ટમાં રામ ગંગા નદીની ઉપનદી ગોલા નદી પર જમરાની ગામ નજીક બંધ બાંધવાનો સમાવેશ થાય છે.
- આ ડેમ હાલના ગોલા નદી બેરેજ માટે પાણીના સ્ત્રોત તરીકે કામ કરશે અને 14 મેગાવોટ હાઈડ્રોપાવર ઉત્પન્ન કરે તેવી શક્યતા છે.

### જમરાની ડેમ પ્રોજેક્ટ

સરકારે આ પ્રોજેક્ટ માટે રાષ્ટ્રીય ભંડોળમાં રૂ.1517.18 કરોડ ફાળવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેનો ખર્ચ રૂ.2,584.10 કરોડ થવાની ધારણા છે તથા આ પ્રોજેક્ટ માર્ચ 2028 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.
- જમરાની ડેમ પ્રોજેક્ટમાં ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં રામગંગા નદીની ઉપનદી ગોલા નદી પર સ્થિત જમરાની ગામ નજીક એક બંધ બાંધવાનો સમાવેશ થાય છે.
- ડેમ હાલના ગોલા બેરેજને 40.5 કિ.મી.ની નહેર પ્રણાલી દ્વારા પાણી પૂરું પાડશે.
- તે 57,065 હેક્ટર જમીનને આવરી લેતા નોંધપાત્ર વિસ્તારને સિંચાઈનું પાણી પૂરું પાડશે.
- જેમાં ઉત્તરાખંડમાં 9,548 હેક્ટર અને ઉત્તરપ્રદેશમાં 47,607 હેક્ટરનો સમાવેશ થાય છે.
- એટલે કે આ પ્રોજેક્ટનો લાભ ઉત્તરાખંડ ઉપરાંત ઉત્તરપ્રદેશને પણ મળશે.
- જમરાની ડેમ પ્રોજેક્ટનો ધ્યેય 14 મેગાવોટ હાઈડ્રોઈલેક્ટ્રિક વીજળી બનાવવાનો છે, જે પ્રદેશની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે.

## પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY)

આ યોજના 2015માં ખેતી માટે પાણીની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા, સિંચાઈ હેઠળના ખેતીલાયક વિસ્તારને વિસ્તારવા, પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો કરવા અને ટકાઉ જળ સંરક્ષણ પ્રથાઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી હતી.

- તે કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે, જેમાં કેન્દ્ર–રાજ્યો વચ્ચે શેરિંગ રેશિયો 75 : 25 હશે.
- ઉત્તર–પૂર્વીય ક્ષેત્ર અને પર્વતીય રાજ્યોના કિસ્સામાં આ હિસ્સો 90 : 10ના ગુણોત્તરમાં હશે.
- નોંધનીય છે કે વર્ષ 2020માં જળશક્તિ મંત્રાલયે PMKSY હેઠળના પ્રોજેક્ટ્સના ઘટકોના જિયો–ટેગિંગ માટે મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY)ના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(1) પ્રાદેશિક સ્તરે સિંચાઈમાં રોકાણમાં એકરૂપતા પ્રાપ્ત કરવી (જિલ્લા સ્તરે અને જો જરૂરી હોય તો, પેટા–જિલ્લા સ્તરે પાણીના ઉપયોગની યોજનાઓ તૈયાર કરવી.)

(2) ખેતરોમાં પાણીની પહોંચ વધારવા અને સિંચાઈ (દરેક ખેતર માટે પાણી) સુનિશ્ચિત કરવાના પ્રયાસરૂપે ખેતીલાયક વિસ્તારનો વિસ્તાર કરવો.

(3) જરૂરી તકનીકો અને પ્રથાઓ દ્વારા પાણીના શ્રેષ્ઠ ઉપયોગ માટે જળ સ્ત્રોત, વિતરણ અને તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.

(4) પાણીનો બગાડ ઘટાડવા અને સમયસર તથા જરૂરિયાત મુજબ ઉપલબ્ધતા વધારવા માટે ખેતરોમાં પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો કરવો.

(5) પાણીની બચત કરતી તકનીકોને પ્રોત્સાહન આપવું જેમ કે ચોકસાઈવાળી ખેતી.

(6) જળચરોના રિચાર્જને વધારવું અને ટકાઉ જળ સંરક્ષણ પદ્ધતિઓનો અમલ કરવો.

(7) ખેડૂતો અને ક્ષેત્ર કામદારો માટે જળ સંચય, જળ વ્યવસ્થાપન અને પાકની સંરેખણ સંબંધિત વિસ્તરણ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.

(8) ઉપ–નગરીય કૃષિ માટે ઉપચારિત મ્યુનિસિપલ ગંદા પાણીનો પુનઃઉપયોગ કરવાની શક્યતાની તપાસ કરવી.

(9) ભૂમિ અને જળ સંરક્ષણ, ભૂગર્ભ જળ રિચાર્જ, વહેણ નિયંત્રણ, આજીવિકા વિકલ્પો પ્રદાન કરવા અને અન્ય કુદરતી સંસાધન વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ માટે વોટરશેડ અભિગમનો ઉપયોગ કરીને વરસાદ આધારિત વિસ્તારોના સંકલિત વિકાસની ખાતરી કરવી.

## ઘટક

## એક્સિલરેટેડ ઈરિગેશન બેનિફિટ પ્રોગ્રામ (AIBP)

તે 1996માં રાજ્યોની સંસાધન ક્ષમતાઓથી વધુ સિંચાઈ પ્રોજેક્ટ્સના અમલીકરણને ઝડપી બનાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો હતો.

- હાલમાં PMKSY-AIBP હેઠળ 53 પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે, જેના પરિણામે 25.14 લાખ હેક્ટરની વધારાની સિંચાઈની સંભાવના છે.

## હર ખેત કો પાણી

હર ખેત કો પાણીનો ઉદ્દેશ્ય નાની સિંચાઈ દ્વારા નવા પાણીના સ્ત્રોત બનાવવાનો છે.

- તેમાં જળ સંસ્થાઓની સંભાળ, પુનઃસંગ્રહ અને નવીનીકરણ, પરંપરાગત જળ સ્ત્રોતોની વહન ક્ષમતામાં સુધારો, વરસાદી પાણીના સંગ્રહના માળખાનું નિર્માણ વગેરેનો સમાવેશ થાય છે.
- તેના પેટા ઘટકો નીચે મુજબ છે :

(1) કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ (CAD),

(2) સપાટી લઘુ સિંચાઈ,

(3) જળ એકમોનું રિપેરિંગ અને નવીનીકરણ,

(4) ભૂગર્ભ જળ વિકાસ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વોટરશેડ ડેવલપમેન્ટ

વોટરશેડ ડેવલપમેન્ટમાં માટી અને ભેજ સંરક્ષણની સુધારેલી તકનીકોનો સમાવેશ થાય છે જેમ કે રીજ વિસ્તારો અને ડ્રેનેજ લાઈનોનું સમારકામ, વરસાદી પાણીનો સંગ્રહ અને વોટરશેડના આધારે અન્ય સંબંધિત કાર્યો.

- તેમાં પાણીની ડ્રેનેજ સિસ્ટમના કાર્યક્ષમ સંચાલનનો પણ સમાવેશ થાય છે.

## અમલ

રાજ્ય સિંચાઈ યોજના અને જિલ્લા સિંચાઈ યોજના દ્વારા વિકેન્દ્રીકૃત અમલીકરણ.



## SUNDAY Questions

1. 'વિશ્વ સોરાયિસસ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(A) 29 ઓક્ટોબર (B) 30 ઓક્ટોબર (C) 31 ઓક્ટોબર (D) 1 નવેમ્બર — (A)

2. 'આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર — (D)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'જમરાની ડેમ બહુહેતુક પરિયોજના' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં રામગંગા નદીની ઉપનદી ગોલા નદી પર સ્થિત જમરાની ગામ નજીક એક બંધ બાંધવાનો સમાવેશ થાય છે.
2. જમરાની ડેમ પ્રોજેક્ટનો ધ્યેય 14 મેગાવોટ હાઈડ્રોઈલેક્ટ્રિક વીજળી બનાવવાનો છે.
3. આ પ્રોજેક્ટનો લાભ ઉત્તરાખંડ ઉપરાંત ઉત્તરપ્રદેશને પણ મળશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ (World Savings Day)

**નોંધ :** 'વિશ્વ બચત દિવસ'ને અગાઉ 'વિશ્વ કરકસર દિવસ' (World Thrift Day) તરીકે પણ ઓળખવામાં આવતું હતું.

## પેરા એશિયન ગેમ્સ (Asian Para Games)

તાજેતરમાં 22 ઓક્ટોબર 2023 થી 28 ઓક્ટોબર 2023 દરમિયાન ચીનના હેંગઝોઉ ખાતે ચોથી 'પેરા એશિયન ગેમ્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- મૂળરૂપે આ ઈવેન્ટ 9 થી 15 ઓક્ટોબર 2022 દરમિયાન યોજાવાની હતી, પરંતુ કોવિડ-19 મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી.
- આથી, આ પેરા એશિયન ગેમ્સ વર્ષ 2023માં યોજાઈ હોવા છતા માર્કેટિંગ અને બ્રાન્ડિંગના કારણોસર 'પેરા એશિયન ગેમ્સ 2022' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ પેરા એશિયન ગેમ્સમાં કુલ 22 રમતોમાં 501 ઈવેન્ટમાં સ્પર્ધા યોજાઈ હતી.
- ચોથી પેરા એશિયન ગેમ્સમાં ભારતે 29 ગોલ્ડ, 31 સિલ્વર અને 51 બ્રોન્ઝ સહિત વિક્રમી 111 મેડલ જીત્યા હતા.
- ચોથી પેરા એશિયન ગેમ્સમાં કુલ 521 મેડલ સાથે ચીન પ્રથમ ક્રમે હતું.
- ચોથી પેરા એશિયન ગેમ્સમાં પ્રથમ પાંચ દેશોના ક્રમ આ પ્રમાણે છે :

  (1) ચીન, (2) ઈરાન, (3) જાપાન, (4) દક્ષિણ કોરિયા, (5) ભારત

Hangzhou 2022
Asian Para Games

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 2022 Asian Para Games Medal Table

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 214 | 167 | 140 | 521 |
| 2 | ઈરાન | 44 | 46 | 41 | 131 |
| 3 | જાપાન | 42 | 49 | 59 | 150 |
| 4 | દક્ષિણ કોરિયા | 30 | 33 | 40 | 103 |
| 5 | ભારત | 29 | 31 | 51 | 111 |
| 6 | ઈન્ડોનેશિયા | 29 | 30 | 36 | 95 |
| 7 | થાઈલેન્ડ | 27 | 26 | 55 | 108 |
| 8 | ઉઝબેકિસ્તાન | 25 | 24 | 30 | 79 |
| 9 | ફિલિપાઈન્સ | 10 | 4 | 5 | 19 |
| 10 | હોંગકોંગ | 8 | 15 | 24 | 47 |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્‌ઘાટન સમારોહ



22 ઓક્ટોબર, 2023ના રોજ ચીનના હેંગઝોઉમાં હેંગઝોઉ ઓલિમ્પિક સ્પોર્ટ્સ સેન્ટર સ્ટેડિયમ ખાતે ચીનના વાઈસ પ્રીમિયર શ્રી ડીંગ ઝુએક્સિયાંગએ સત્તાવાર રીતે પેરા એશિયન ગેમ્સનો પ્રારંભ કરાવ્યો હતો.

- આ સ્ટેડિયમને બિગ લોટસ સ્ટેડિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે કિયાનતાંગ નદી પાસે આવેલું છે.

## ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક



ચોથી પેરા એશિયન ગેમ્સના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક હરિયાણાના શ્રી અમિત સરોહા અને ગુજરાતના સુશ્રી પારુલ પરમાર હતા.

## સુત્ર (Motto)

ચોથી પેરા એશિયન ગેમ્સનું સુત્ર અથવા Motto 'Hearts Meet, Dreams Shine' હતું.

## માસ્કોટ (Mascot)

ચોથી પેરા એશિયન ગેમ્સનું માસ્કોટ 'ફેઈફેઈ' (Fei Fei) હતું.




- પ્રથમ 'Fei'નો અર્થ થાય છે ઉડતા પક્ષીઓ, જે માનવ સમાજની સર્વસમાવેશકતા, આદર અને બંધુત્વ દર્શાવે છે.
- જ્યારે બીજો 'Fei' એટલે વિકલાંગ એથ્લેટ્સની માનસિક મક્કમતા જે સપનાને અનુસરે છે અને પોતાની જાતથી આગળ વધે છે.
- Fei Fei લિયાંગઝુ સંસ્કૃતિમાં 'દૈવી પક્ષી' ઉદ્દેશ્યથી પ્રેરિત છે.
- માસ્કોટ એ હેંગઝાઉના વારસાનું સંમિશ્રણ અને તકનીકી નવીનતા માટે તેની ડ્રાઈવ, મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળભર્યા સહ–અસ્તિત્વની શોધને વહન કરે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAM

## 4થી પેરા એશિયન ગેમ્સમાં ભારતનું પ્રદર્શન

ચોથી પેરા એશિયન ગેમ્સ અથવા પેરા એશિયન ગેમ્સ 2022માં ભારતે 29 ગોલ્ડ, 31 સિલ્વર અને 51 બ્રોન્ઝ સહિત વિક્રમી 111 મેડલ જીત્યા હતા.

- જે પેરા એશિયન ગેમ્સમાં ભારતનું આજ સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.
- આ અગાઉ 2010માં ઝુઆંગઝોઅ ખાતે યોજાયેલી પેરા એશિયન ગેમ્સમાં ભારત 14 મેડલ જીતી 15માં ક્રમે રહ્યું હતું.
- ત્યારબાદ 2014માં ભારત 15મા ક્રમે અને 2018માં નવમાં ક્રમાંકે રહ્યું હતું.
- ચોથી પેરા એશિયન ગેમ્સ અથવા પેરા એશિયન ગેમ્સ 2022માં ભારતીય ખેલાડીઓએ સર્વાધિક 55 મેડલ્સ એથ્લેટિક્સમાં મેળવ્યા હતા.

## 4થી પેરા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | શ્રી પ્રણવ સૂરમા | એથ્લેટિક્સ | મેન્સ ક્લબ થ્રો - F51 |
| 2 | શ્રી શૈલેષ કુમાર | એથ્લેટિક્સ | મેન્સ ઊંચી કુદ - T63 |
| 3 | શ્રી નિષાદ કુમાર | એથ્લેટિક્સ | મેન્સ ઊંચી કુદ - T47 |
| 4 | શ્રી અંકુર ધમા | એથ્લેટિક્સ | મેન્સ 5000m - T11 |

| | | | |
|---|---|---|---|
| 5 | શ્રી પ્રવીણ કુમાર | એથ્લેટિક્સ | મેન્સ ઊંચી કુદ(હાઈ–જમ્પ)-T64 |
| 6 | સુશ્રી અવની લેખરા | શૂટિંગ | વિમેન્સ 10 મી AR સ્ટેન્ડ SH1 |
| 7 | સુશ્રી પ્રાચી યાદવ | કેનોઈંગ | વિમેન્સ KL2 |
| 8 | સુશ્રી દીપ્તિ જીવનજી | એથ્લેટિક્સ | વિમેન્સ 400મી T-20 |
| 9 | શ્રી નીરજ યાદવ | એથ્લેટિક્સ | મેન્સ ડિસ્કસ થ્રો - F54/55/56 |
| 10 | શ્રી સુમિત અંતિલ | એથ્લેટિક્સ | મેન્સ જેવેલિન થ્રો - F64 |
| 11 | શ્રી હેની | એથ્લેટિક્સ | મેન્સ જેવિલિન થ્રો - F37/38 |
| 12 | શ્રી સુંદરસિંહ ગુર્જર | એથ્લેટિક્સ | મેન્સ જેવિલિન થ્રો - F46 |
| 13 | શ્રી અંકુર ધમા | એથ્લેટિક્સ | મેન્સ 1500 મી -T11 |
| 14 | સુશ્રી રક્ષિતા રાજુ | એથ્લેટિક્સ | વિમેન્સ 1500 મી -T11 |
| 15 | સુશ્રી નિમિષા ચક્કુગલપારમ્બિલ | એથ્લેટિક્સ | વિમેન્સ લાંબી કુદ -T47 |
| 16 | શ્રી રાકેશ કુમાર,<br>સુશ્રી શીતલ દેવી | તીરંદાજી | મિક્સ ટીમ કમ્પાઉન્ડ |
| 17 | શ્રી સિદ્ધાર્થ બાબુ | શૂટિંગ | મિક્સ 50 મી રાઈફલ પ્રોન |
| 18 | શ્રી સચિન ખિલારી | એથ્લેટિક્સ | મેન્સ શોટ પુટ - F46 |
| 19 | સુશ્રી શીતલ દેવી | તીરંદાજી | વિમેન્સ વ્યક્તિગત<br>કમ્પાઉન્ડ–ઓપન |
| 20 | શ્રી સુહાસ લલીનાકેરે યથિરાજ | બેડમિન્ટન | મેન્સ સિંગલ્સ SL4 |
| 21 | શ્રી પ્રમોદ ભગત | બેડમિન્ટન | મેન્સ સિંગલ્સ SL3 |
| 22 | સુશ્રી તુલાસીમાથી મુરૂગેસન | બેડમિન્ટન | વિમેન્સ સિંગલ્સ SU5 |
| 23 | શ્રી તરુણ ધિલ્લોન,<br>શ્રી નિતેશ કુમાર | બેડમિન્ટન | મેન્સ ડબલ્સ SL3-SL4 |
| 24 | શ્રી રમણ શર્મા | એથ્લેટિક્સ | મેન્સ 1500 મી - T38 |
| 25 | શ્રી સોલાઈરાજ ધર્મરાજ | એથ્લેટિક્સ | મેન્સ લાંબી કુદ - T64 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | | |
|---|---|---|---|
| 26 | શ્રી દર્પણ ઇનાની | ચેસ | મેન્સ વ્યક્તિગત રેપિડ VI-B1 |
| 27 | શ્રી દર્પણ ઇનાની,<br>શ્રી સૌંદર્ય કુમાર પ્રધાન,<br>શ્રી અશ્વિન મકવાણા | ચેસ | મેન્સ ટીમ રેપિડ VI-B1 |
| 28 | શ્રી નીરજ યાદવ | એથ્લેટિક્સ | મેન્સ જેવેલિન થ્રો F55 |
| 29 | શ્રી દિલીપ ગાવિત | એથ્લેટિક્સ | મેન્સ 400 મી T47 |

## એશિયન પેરા ગેમ્સ

એશિયન પેરા ગેમ્સનો પ્રારંભ વર્ષ 2010થી થયો હતો.

- વર્ષ 2010થી દર ચાર વર્ષે એશિયન ગેમ્સ પૂરી થયા બાદ એશિયન પેરા ગેમ્સનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 2010માં સૌપ્રથમ ચીનના ગુઆંગઝોઉ ખાતે પેરાગેમ્સનું આયોજન થયું હતું.
- એશિયન પેરા ગેમ્સને પેરા એશિયાડ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે શારીરિક વિકલાંગતા ધરાવતા એથ્લેટ્સ માટે યોજાય છે.

### એશિયન પેરા ગેમ્સનું આયોજન

| ક્રમ | વર્ષ | શહેર | દેશ |
|---|---|---|---|
| 1 | 2010 | ગ્રુઆંગઝોઉ | ચીન |
| 2 | 2014 | ઇન્ચિયોન | સાઉથ કોરિયા |
| 3 | 2018 | જકાર્તા | ઇન્ડોનેશિયા |
| 4 | 2022<br>(2023માં આયોજિત) | હેંગઝાઉ | ચીન |
| 5 | 2026 | આઇચી–નાગોયા | જાપાન |

## રાજકોટમાં 'માડી' ગરબા પર વર્લ્ડ રેકોર્ડ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત 'માડી' નામના ગરબા પર રાજકોટમાં 1.21 લાખ ખેલૈયાઓ એક સાથે રમી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

- **28 ઓક્ટોબર એટલે કે શરદ પૂનમના દિવસે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આ ગરબાનું આયોજન થયું હતું.**
- **ગાયક કલાકાર શ્રી પાર્થિવ ગોહિલ સંગાથે આ ગરબો ગાવામાં આવ્યો હતો.**
- **આ પ્રસંગે ગુજરાત રાજ્યના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.**
- **નોંધનીય છે કે 1.21 લાખ ખેલૈયાઓ એક સાથે ઝૂમતા ઈન્ડિયન ટ્રેડિશનલબૂક ઓફ રેકોર્ડ્સ, વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા અને વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ્સ–લંડન સર્જાયો હતો.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ બચત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 28 ઓક્ટોબર (B) 29 ઓક્ટોબર (C) 30 ઓક્ટોબર (D) 31 ઓક્ટોબર | (C) |
| 2. | તાજેતરમાં કેટલામી પેરા એશિયન ગેમ્સનું આયોજન થયું હતું ?<br>(A) ચોથી (B) પાંચમી (C) છટ્ઠી (D) સાતમી | (A) |
| 3. | તાજેતરમાં કયા દેશમાં ચોથી પેરા એશિયન ગેમ્સનું આયોજન થયું હતું ?<br>(A) ચીન (B) જાપાન (C) દ.કોરિયા (D) થાઈલેન્ડ | (A) |
| 4. | ચોથી પેરા એશિયન ગેમ્સ (અથવા પેરા એશિયન ગેમ્સ 2022)નો મોટો (Motto) શું હતો ?<br>(A) United by Emotion (B) We Cheer, We Share, We Win !<br>(C) Heart to Heart @ Future (D) Hearts Meet, Dreams Shine | (D) |
| 5. | 'એશિયન પેરા ગેમ્સ 2022'માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?<br>(A) 107 (B) 101 (C) 111 (D) 103 | (C) |
| 6. | ચોથી એશિયન પેરા ગેમ્સમાં ભારતે કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?<br>(A) 23 (B) 29 (C) 33 (D) 41 | (B) |
| 7. | ચોથી પેરા એશિયન ગેમ્સ (અથવા પેરા એશિયન ગેમ્સ 2022)માં મેડલ ટેબલમાં ભારત કયા ક્રમે છે ?<br>(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમાં (D) છટ્ઠા | (C) |
| 8. | તાજેતરમાં યોજાયેલ ચોથી પેરા એશિયન ગેમ્સ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?<br>1. ચોથી પેરા એશિયન ગેમ્સનું આયોજન ચીનમાં થયું હતું.<br>2. ચોથી પેરા એશિયન ગેમ્સનું માસ્કોટ Fei Fei હતું.<br>3. ચોથી પેરા એશિયન ગેમ્સમાં મેડલ ટેલીમાં ચીન પ્રથમ ક્રમે હતું.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 | (D) |
| 9. | પેરા ખેલાડી સુશ્રી અવની લેખરા કઈ રમત સાથે સંકળાયેલ છે ?<br>(A) શૂટિંગ (B) કેનોઈંગ (C) ડિસ્ક થ્રો (D) હાઈ જમ્પ | (A) |
| 10. | પેરા એશિયન ગેમ્સનો પ્રારંભ કયા વર્ષથી થયો હતો ?<br>(A) 2006 (B) 2008 (C) 2010 (D) 2012 | (C) |
| 11. | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત 'માડી' નામના ગરબા પર તાજેતરમાં કયા શહેરમાં 1.21 લાખ ખેલૈયાઓએ એક સાથે રમી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો ?<br>(A) રાજકોટ (B) સુરત (C) વડોદરા (D) ગાંધીનગર | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 31 ઓક્ટોબર, (1) વિશ્વ શહેર દિવસ (World Cities Day)**
**(2) શ્રીમતી ઈન્દિરાગાંધી પુણ્યતિથિ**
**(3) શ્રી સરદાર પટેલ જન્મદિન, રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day)**

## રાષ્ટ્રીય એકતા દિવસ




ભારતમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિન' તરીકે ઉજવાય છે.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતમાં વર્ષ 2014થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 31 ઓક્ટોબર, 2023ના રોજ ભારતમાં શ્રી સરદાર પટેલના 148માં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી કરવા પાછળનું કારણ લોકોને એક કરવા અને સમાજના ઉત્થાન માટે તેમના વિચારોથી વાકેફ કરવાનો છે.
- રાષ્ટ્રીય અખંડિતતા અને એકતામાં સરદાર પટેલના યોગદાન વિશે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસે 'રન ફોર યુનિટી' જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

## વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'



ગુજરાતના નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમ પાસે નિર્માણ પામેલી શ્રી સરદાર સાહેબની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નામની પ્રતિમાની મુખ્ય વિશેષતા એ છે કે આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.

- તેની ઊંચાઈ 182 મીટર અથવા તો 597.113 ફૂટ છે. જે ગુજરાતની 182 વિધાનસભા બેઠકોને પ્રદર્શિત કરે છે.
- કુલ 182 મીટર ઊંચાઈની આ પ્રતિમામાં 25 મીટર ઊંચાઈની એક પીઠિકા બનાવવામાં આવી છે. અને આ પીઠિકા પર શ્રી સરદાર સાહેબની 157 મીટર ઊંચી પ્રતિમા બનાવવામાં આવી છે.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

## વિશ્વની કેટલીક પ્રસિદ્ધ પ્રતિમાઓની અંદાજિત ઊંચાઈ

| ક્રમ | નામ | દેશ | ઊંચાઈ (મીટરમાં) |
|---|---|---|---|
| 1 | સ્ટેચ્યુ ઓફ યુનિટી | ભારત | 182 |
| 2 | સ્પ્રિંગ ટેમ્પલ | ચીન | 153 |
| 3 | લેક્યૂન સેટક્યાર | મ્યાનમાર | 116 |
| 4 | ઉશિકુ દાયબુત્સુ | જાપાન | 110 |
| 5 | સ્ટેચ્યુ ઓફ લિબર્ટી | અમેરિકા | 97 |
| 6 | ધી ગ્રેટ બુદ્ધા | થાઈલેન્ડ | 91 |
| 7 | ધ મધરલેન્ડ કોલ્સ | રશિયા | 87 |

નોંધ : (1) સ્ટેચ્યુ ઓફ યુનિટી અમેરિકાના ન્યુયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી લગભગ બમણી ઊંચાઈ ધરાવે છે.

(2) સ્ટેચ્યુ ઓફ યુનિટી બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે આવેલી ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઈસ્ટ ધ રેડીમર કરતાં પાંચ ગણી વધુ ઊંચી છે.

(3) સરદાર સરોવર બંધ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ લગભગ દોઢ ગણી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્થળ

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ વિંધ્યાચલ અને સાતપૂડાની ગિરિમાળા વચ્ચે સરદાર સરોવર બંધથી 3.2 કિ.મી. દૂર નર્મદા નદીની મધ્યમાં સાધુ બેટ પર કરવામાં આવ્યું છે.

- આ સ્થળ ગુજરાતમાં નર્મદા જિલ્લાના અગાઉના નાંદોદ અને હવે નવ રચિત ગરુડેશ્વર તાલુકાના કેવડિયા અથવા તો કેવડિયા કોલોની (એકતાનગર) કે પછી ગરુડેશ્વર ગામ પાસે આવેલું છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની જાહેરાત સૌપ્રથમ 7 ઓક્ટોબર, 2010ના રોજ થઈ હતી.

- ત્યારબાદ 31 ઓક્ટોબર, 2013ને 138મી શ્રી સરદાર જયંતીના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ અને એના બાંધકામના પ્રચાર માટે ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET)ની રચના કરવામાં આવી હતી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે પ્રારંભિક રૂા. 3,001 કરોડનો ખર્ચ થવાનો અંદાજ હતો.

- આ સ્ટેચ્યુના નિર્માણ કાર્યનો વર્ક ઓર્ડર 27 ઓક્ટોબર, 2014ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આશરે રૂા. 2,989 કરોડના ખર્ચે લાર્સન એન્ડ ટુબ્રો (L & T) નામની કંપનીને આપ્યો હતો.
- શ્રી સરદાર સાહેબની આ પ્રતિમાના મુખ્ય ડિઝાઈનર (અથવા તો એન્જિનિયર) શ્રી રામ વાનજી સુથાર નામના શિલ્પકાર હતા.
- શ્રી રામ વી. સુથારનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. અને તેમને વર્ષ 1999માં પદ્મશ્રી અને 2016માં પદ્મ ભૂષણ પુરસ્કાર તથા વર્ષ 2016નો ટાગોર સાંસ્કૃતિક સમરસતા પુરસ્કાર એનાયત થયા હતા.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના બાંધકામ માટે લગભગ 46 મહિનાનો સમય લાગ્યો હતો. 46 મહિનાના આ બાંધકામ સમય સહિત કુલ 5 વર્ષમાં આ સ્ટેચ્યુનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ સ્મારકના નિર્માણમાં 70 હજાર ટન સિમેન્ટ વાપરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત તેમાં 18,500 ટન રિ–ઈન્ફોર્સમેન્ટ સ્ટીલ અને 6000 ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે.
- જ્યારે આ સ્ટેચ્યુના નિર્માણમાં 1700 મેટ્રીક ટન કાંસાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ વિશિષ્ટ સ્મારકના નિર્માણ માટે 250 ઈજનેરો અને 3700 કારીગરોએ દિવસ–રાત કામ કર્યું છે.
- સ્ટીલ, કોંક્રીટથી બનેલી આ પ્રતિમા પર કાંસાનું આવરણ છે. કાંસ્ય આવરણથી આ પ્રતિમા વધુ અલૌકિક ભાસે છે.

નોંધ : (1) પ્રવાસીઓની સરળતા માટે 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET) દ્વારા ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે www.soutickets.in નામની એક વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે.

(2) હાલ જે સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થયું છે તે સ્થળ ભારતની આઝાદી અગાઉ 'રાજપીપળા સ્ટેટ'નો એક ભાગ હતો.

(3) આઝાદી બાદ સત્તાવાર રીતે 10 જૂન, 1948ના રોજ રાજપીપળા સ્ટેટનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું હતું.

(4) એ સમયે 'રાજપીપળા સ્ટેટ'ના શાસક શ્રી વિજયસિંહજી હતા. શ્રી વિજયસિંહજી, ગોહિલ વંશના 37મા રાજવી હતા.

(5) સ્ટેચ્યુ ઓફ યુનિટીની પાયા સાથેની ઊંચાઈ 240 મીટર એટલે કે લગભગ 790 ફૂટ છે.

(6) સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટનું નામ 'www.statueofunity.in' છે.

(7) આ પ્રતિમા ભૂકંપના ઝોન-3માં આવેલી છે. તેમ છતાં પ્રતિમાના કદને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઈન ભૂકંપના ઝોન-4 પ્રમાણે બનાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

## જન્મ અને પરિવાર

અખંડ ભારતના શિલ્પી, ભારતના બિસ્માર્ક, લોખંડી પુરૂષ તથા ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875ના રોજ તેમના મોસાળ નડિયાદમાં થયો હતો.

- જોકે તેમની સાચી જન્મ તારીખ વિશે કોઈ નક્કર માહિતી ઉપલબ્ધ નથી, પણ મેટ્રિકની પરીક્ષામાં તેમણે તેમની જન્મતારીખ 31 ઓક્ટોબર લખાવી હતી. આથી તેમની જન્મ તારીખ 31 ઓક્ટોબર હોવાનું માનવામાં આવે છે.
- શ્રી સરદાર પટેલનો જન્મ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે થયો હતો, જ્યારે તેમનું વતન આણંદનું કરમસદ ગામ હતું.
- તેમના પિતાશ્રીનું નામ શ્રી ઝવેરભાઈ હતું અને તેમના માતાનું નામ લાડબાઈ હતું.
- શ્રી સરદાર પટેલ તેમના માતા–પિતાના ચોથા સંતાન હતા.
- શ્રી ઝવેરભાઈ પટેલ અને લાડબાઈને છ સંતાનો હતા. તેમના આ છ સંતાનોના નામ આ પ્રમાણે છે : (1) શ્રી સોમાભાઈ (2) શ્રી નરસિંહભાઈ (3) શ્રી વિઠ્ઠલભાઈ (4) શ્રી વલ્લભભાઈ (5) શ્રી કાશીભાઈ અને (6) ડાહીબા.
- શ્રી સરદાર પટેલના પત્નીનું નામ ઝવેરબા હતું.
- તેમના પુત્રીનું નામ મણિબેન અને પુત્રનું નામ શ્રી ડાહ્યાભાઈ હતું. તેમજ તેમના પૌત્રનું નામ ગૌતમ હતું.

નોંધ : શ્રી સરદાર પટેલના પિતા શ્રી ઝવેરભાઈ પટેલ 1887ના વિપ્લવમાં ઝાંસીની રાણીના લશ્કરમાં જોડાઈને અંગ્રેજો સામે લડયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અભ્યાસ

શ્રી વલ્લભભાઈ પટેલનો સાત ધોરણ સુધીનો અભ્યાસ કરમસદની ગુજરાતી પ્રાથમિક શાળામાં જ થયો હતો.

- તેમના અભ્યાસની શરૂઆત ઈ.સ. 1882માં સાતેક વર્ષની ઉંમરે થઈ હતી.
- તેમણે ઈ.સ. 1888માં સાતમું ધોરણ પાસ કર્યું હતું.
- ત્યારબાદ અંગ્રેજી શિક્ષણ મેળવવા માટે તેમણે પેટલાદની સ્કૂલમાં એડમિશન લીધું હતું.
- તેમણે ધોરણ ચાર સુધીનું અંગ્રેજી શિક્ષણ પેટલાદમાં લીધું હતું.
- જ્યારે તેઓ અંગ્રેજીના ચોથા ધોરણમાં હતા ત્યારે ઝવેરબા સાથે તેમના લગ્ન થયા હતા. એ સમયે તેમની ઉંમર 18 વર્ષની હતી.
- ત્યારબાદ અંગ્રેજીના પાંચમા ધોરણના અભ્યાસ માટે તેઓ નડિયાદ આવે છે. જ્યાં નડિયાદની સ્કૂલમાં તેમણે હડતાલ પણ કરાવી હતી.

- ત્યારબાદ અંગ્રેજીના છઠ્ઠા ધોરણના અભ્યાસ માટે તેઓ વડોદરા આવ્યા. અંગ્રેજીના છઠ્ઠા ધોરણમાં તેમણે પહેલાં સંસ્કૃત વિષય પસંદ કરેલો અને પાછળથી તેમણે ગુજરાતી વિષય રાખ્યો હતો.એ સમયે તેમના ગુજરાતીના શિક્ષક શ્રી છોટાલાલ માસ્તર હતા.
- શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા. અને શ્રી છોટાલાલ માસ્તરે 200 પાડા માંગ્યા તો શ્રી સરદાર પટેલે જવાબ આપ્યો કે,

  "હું બસ્સો પાડા લાવેલો પણ બે પાડા મારકણા હતા
  
  તે શાળાના ઝાંપે ઝઘડયા અને એમાં બાકીના પાડા પણ નાસી ગયા !!!
- આથી, શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને એક દિવસ પછી બસ્સો પાડા લખી લાવવા ચેતવણી આપી.
- બીજે દિવસે શ્રી વલ્લભભાઈ એક કાગળમાં 'બસ્સો પાડા' એવું લખીને ગયા. આથી શ્રી છોટાલાલ માસ્તર ગુસ્સે થયા અને શ્રી વલ્લભભાઈને આચાર્ય સાહેબ સમક્ષ પેશ કર્યા.
- શ્રી વલ્લભભાઈ પટેલે ઘટનાની અસરકારક રજૂઆત કરી અને તેઓ નિર્દોષ હોવાથી આચાર્ય સાહેબે તેમને 'બાઈજ્જત રિહા કરી દીધા. વડોદરામાં તેઓ 'ધી થર્ટી ફાઈવ' નામના વિદ્યાર્થીઓના એક ગ્રૂપના સભ્ય પણ હતા. અને તેઓ વડોદરામાં કમાટીબાગના રામજી મંદિરમાં છાત્રાલય ખોલીને રહેતા હતા.
- શ્રી વલ્લભભાઈ અંગ્રેજીના સાતમા ધોરણના અભ્યાસ માટે વડોદરાની શાળા છોડીને ફરીથી નડિયાદની શાળામાં સાતમા ધોરણમાં દાખલ થયા.
- તેઓ ગણિતમાં કાચા હોવાથી પ્રથમ પ્રયાસે મેટ્રિકની પરીક્ષા પાસ ન કરી શકયા. ત્યારબાદ 1897માં બીજા પ્રયત્ને તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી, એ સમયે તેમની ઉંમર 22 વર્ષની હતી.
- ત્યારબાદ તેમણે ઈ.સ. 1900માં ડિસ્ટ્રિકટ પ્લીડરની પરીક્ષા આપી અને તેમણે પ્રથમ પ્રયત્ને એ પરીક્ષા પાસ કરી.
- આ પરીક્ષા પાસ કર્યા બાદ તેમણે ગોધરામાં વકીલાત અને ઘરસંસારની શરૂઆત કરી.

## વકીલાત અને બેરિસ્ટર તરીકેની કારકિર્દી

શ્રી વલ્લભભાઈ પટેલે વકીલાત તરીકેની કારકિર્દીનો પ્રારંભ ગોધરાથી કર્યો હતો. અને ગોધરાના બાર (વકીલ મંડળ)માં નામ નોંધાવ્યું હતું.

- આ સમયે ગોધરામાં બ્યુબોનિક પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. ત્યારે આ રોગથી ગ્રસ્ત મિત્રની સેવા કરતા શ્રી સરદાર પટેલ પોતે પણ આ રોગનો ભોગ બન્યા હતા.
- ગોધરા બાદ શ્રી સરદાર પટેલે ઈ.સ. 1902માં બોરસદમાં આવીને વકીલાતનો પ્રારંભ કર્યો, જ્યાં તેમણે ખેડા જિલ્લાના નામાંકિત વકીલ તરીકેની નામના મેળવી હતી.
- ગોધરા અને બોરસદ ઉપરાંત શ્રી સરદાર પટેલે આણંદમાં પણ વકીલાત કરી હતી.
- અને વકીલાત કરીને જ્યારે તેમણે ઈંગ્લેન્ડ જઈને ભણવા જેટલા પૈસા ભેગા કરી લીધા ત્યારે તેમણે ત્યાં જવા માટે પરવાનો તેમજ ટિકિટ બુક કરાવી.

- આ ટિકિટ વી. જે. પટેલના સંક્ષિપ્ત નામે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં આવી.
- શ્રી વિઠ્ઠલભાઈની પણ ઈંગ્લેન્ડ જઈ ભણવાની યોજના હતી. અને તેથી તેમણે પોતાની યોજનાની જાણ કરી. આથી, શ્રી વલ્લભભાઈએ તેમના મોટા ભાઈને તેમની જગ્યાએ જવા દીધા. અને તેમનો ઈંગ્લેન્ડ ખાતેનો ખર્ચ પણ ઉપાડયો અને પોતાના ધ્યેય માટે બચત કરવા માંડી.
- 1909માં શ્રી વલ્લભભાઈના પત્નીને કેન્સરના ઈલાજ માટે મુંબઈની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમનું નિધન થયું હતું.
- શ્રી વલ્લભભાઈ પટેલને જ્યારે આ સમાચારની જાણ કરવામાં આવી ત્યારે તેઓ એક પ્રતિષ્ઠિત વ્યક્તિને ખૂન કેસમાંથી બચાવવા માટે આણંદની કોર્ટમાં કેસ લડી રહ્યા હતા. આ સમાચાર મળવા છતાં તેમણે કેસ લડવાનું ચાલુ રાખ્યું અને કેસ પૂરો થયા બાદ તેમણે આ સમાચારની જાણ અન્ય વ્યક્તિઓને કરી.
- તેઓ માત્ર 33 વર્ષની ઉંમરે વિધુર થયા હતા. આથી તેમને બીજા લગ્ન કરવા માટે મિત્રો દ્વારા સતત આગ્રહ થતો. પરંતુ તેઓ સંતાનોને સાવકી મા આપવા માગતા ન હતા. આથી તેમણે બીજી વખત લગ્ન ન કર્યા.
- ત્યારબાદ ઈ.સ. 1910માં પુત્રી મણિબહેન અને પુત્ર ડાહયાભાઈને મુંબઈની સેન્ટ મેરિઝ સ્કૂલમાં મિસ વિલ્સનને ત્યાં 'બોર્ડર' છાત્રા તરીકે મૂકી તેઓ વિલાયત ગયા.
- અને 1913 સુધીમાં ઈંગ્લેન્ડમાં બેરીસ્ટરનો અભ્યાસ પૂર્ણ કરીને ભારત પાછા ફર્યા.
- તેમણે બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડમાં લંડનની 'મિડલ ટેમ્પલ ઈન્ન'માં એડમિશન લીધું હતું.
- ત્યાં તેમણે 36 મહિનાનો અભ્યાસક્રમ 30 મહિનામાં પૂરો કર્યો અને વર્ગમાં પ્રથમ સ્થાને આવ્યા. આ માટે તેમને 50 પાઉન્ડનું ઈનામ મળ્યું અને બે ટર્મની માફી મળી.
- ભારત પાછા આવી તેઓ અમદાવાદમાં સ્થાયી થયા અને શહેરના એક નામાંકિત બેરિસ્ટર બન્યા.
- તેઓ બ્રિજ રમતના માહેર ખેલાડી પણ થયા.
- ઈ.સ. 1918માં ગાંધીજી સાથે ખેડા સત્યાગ્રહમાં જોડાયા બાદ તેઓ વકીલાતનો વ્યવસાય બંધ કરે છે.

## અમદાવાદ સુધરાઈના સભ્ય

અમદાવાદના સુધરાઈના સભ્ય શ્રી અહમદમિંયાસર્ફૂદીનનું અવસાન થતાં આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં 1917માં શ્રી સરદાર પટેલ અમદાવાદ શહેરના સ્વચ્છતા વિભાગના અધિકારી તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## આઝાદીની લડતમાં

મહાત્મા ગાંધીજીએ જ્યારે ચંપારણ વિસ્તારના શોષિત ખેડૂતો માટે બ્રિટિશ સામ્રાજ્યની અવમાન્યા કરી ત્યારથી શ્રી વલ્લભભાઈ પટેલ તેમનાથી પ્રભાવિત થયા હતા.

- તેઓ સૌપ્રથમ નવેમ્બર 1917માં ગોધરામાં આયોજિત ગુજરાત રાજનૈતિક મહાસભામાં ગાંધીજીને મળ્યા હતા.
- ત્યારબાદ ગાંધીજીના કહેવાથી તેઓ 'ગુજરાત સભા'ના સચિવ બન્યા.
- આગળ જઈને આ 'ગુજરાત સભા'નું ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની ગુજરાતની શાખામાં પરિવર્તન થયું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ખેડા સત્યાગ્રહ

1918માં ખેડા જિલ્લાના ખેડૂતોને કરમાંથી મુક્તિ અપાવવા માટે થયેલા સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી ચંપારણ સત્યાગ્રહમાં વ્યસ્ત હોવાને કારણે તેમણે આ સત્યાગ્રહમાં જોડાવા શ્રી સરદાર પટેલને આમંત્રણ આપ્યું.

- આ સત્યાગ્રહ શ્રી સરદાર પટેલનો પ્રથમ સત્યાગ્રહ હતો.
- જેમાં તેમણે ખેડૂતોને મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા અપાવી હતી.
- આ સત્યાગ્રહ બાદ શ્રી સરદાર પટેલ ગુજરાતીઓના નાયક તરીકે ઉભરી આવ્યા.

## અસહકારની ચળવળ

શ્રી સરદાર પટેલ 1920માં નવ રચિત 'ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ'ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા અને 1945 સુધી આ પદ પર રહયા.

- ગાંધીજીની અસહકારની ચળવળમાં શ્રી સરદાર પટેલે સમગ્ર ગુજરાતમાં પ્રવાસ કરી 3 લાખ સભ્યો ભરતી કર્યા અને તેમણે રૂા. 15 લાખનું ભંડોળ પણ ઉભું કર્યું.
- તેમણે અમદાવાદમાં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી અને તેમાં પોતાના અંગ્રેજી શૈલીના બધા કપડા બાળી નાખ્યા.
- અને આ અસહકાર ચળવળ દરમિયાન જ તેમણે પુત્રી મણિબેન તથા પુત્ર ડાહ્યાભાઈ સાથે સંપૂર્ણ ખાદી પહેરવાનું શરૂ કર્યું.

## અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ

શ્રી સરદાર પટેલ 1922, 1924 અને 1927માં અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.

- તેમના કાર્યકાળ દરમિયાન વીજળી, શિક્ષણ તથા જળ–કચરાની નિકાસની વ્યવસ્થાના મહત્ત્વના કાર્યો થયા.
- 1927માં અમદાવાદ શહેર તથા ખેડા જિલ્લામાં અનરાધાર વરસાદને કારણે આવેલા પૂરમાં સહાયતા અભિયાનનું સફળ સંચાલન કર્યું.

## નાગપુર (ઝંડા) સત્યાગ્રહ

એપ્રિલ 1923માં નાગપુરના સિવિલ લાઈન્સ વિસ્તારમાંથી રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢવા માટે અંગ્રેજ સરકારે મનાઈ ફરમાવી હતી.

- ત્યારે ગાંધીજી જેલમાં હતા અને અંગ્રેજોના ભારતીય ધ્વજ ન ફરકાવવાના આ કાયદા સામે સત્યાગ્રહ કરવાનું નક્કી થયું.
- જેમાં કોંગ્રેસીઓએ શ્રી સરદાર પટેલને નાગપુરમાં સત્યાગ્રહની આગેવાની કરવા કહ્યું.
- અને શ્રી સરદાર પટેલે દેશભરમાંથી હજારો સ્વયં સેવકો એકઠા કરીને ધ્વજવંદનનું આયોજન કર્યું. અને વાટા ઘાટો દ્વારા બંદીઓની મુક્તિ કરાવી તથા રાષ્ટ્રધ્વજ સાથે રાખીને સરઘસ કાઢવાની પરવાનગી પણ મેળવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બોરસદ સત્યાગ્રહ

ખેડા જિલ્લામાં બહારવટિયાઓનો ત્રાસ દૂર કરવા અંગ્રેજ સરકાર દ્વારા પોલીસ ટુકડી રાખવામાં આવી. અને એ પોલીસ ટુકડીનો ખર્ચ બોરસદ તાલુકાની પ્રજા પાસેથી મેળવવા રૂા. 2,40,074નો વેરો નાખવામાં આવ્યો.

- અને પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ રૂા. 2 રૂપિયા અને 7 આનાનો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું.
- લોકોએ આ દંડરૂપી વેરાને "હૈડિયાવેરો" એવું નામ આપ્યું.
- અંગ્રેજ સરકારના આ નિર્ણયની સામે સત્યાગ્રહ થયો.
- જેમાં જેલવાસને કારણે ગાંધીજીની ગેરહાજરીમાં શ્રી સરદાર વલ્લભભાઈના સીધા માર્ગદર્શન હેઠળ આ સત્યાગ્રહ 38 દિવસ (તા. 2/12/1923 થી 8/1/1924 સુધી) ચાલ્યો. અને શ્રી સરદાર પટેલે આ વેરો માફ કરાવ્યો.
- આ સત્યાગ્રહના વિજય સંદર્ભે ગાંધીજીએ શ્રી સરદાર પટેલને 'બોરસદના રાજા' તરીકે બિરદાવ્યા હતા.

## બારડોલી સત્યાગ્રહ

ઈ.સ. 1928માં મુંબઈ સરકાર દ્વારા દુષ્કાળ હોવા છતાં બારડોલી તાલુકાના મહેસૂલમાં 22 ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો હતો.

- સરકારના આ અન્યાયી નિર્ણય સામે શ્રી સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહનું સફળ આયોજન થયું અને તેમાં પ્રજાનો વિજય થયો.
- આ સત્યાગ્રહ બાદ બારડોલીની મહિલાઓ તરફથી ગાંધીજીએ શ્રી વલ્લભભાઈ પટેલને 'સરદાર'નું બિરુદ આપ્યું અને તેઓ 'સરદાર' કહેવાયા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાસ ગામ સત્યાગ્રહ

ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના રાસ ગામના વડ વૃક્ષ નીચેથી 7 માર્ચ, 1930ના રોજ દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર પટેલની પ્રથમ વખત ધરપકડ થઈ હતી.

- આ ગામ "ના કર" આંદોલનમાં બ્રિટિશ રાજ સામે ભારતની 1930ની લડતનો આરંભ કરવામાં અગ્રેસર રહ્યું હતું.
- જેમાં અંગ્રેજ સરકારે ગામ લોકોની જમીન પણ કબજે કરી લીધી હતી.
- આથી, શ્રી સરદાર પટેલે ખેડૂતોને વચન આપ્યું હતું કે, "તમારી જમીન તમારા ઘરનો દરવાજો ખટખટાવતી પાછી આવશે." અને તેમણે આ વચન પાળી બતાવ્યું હતું.

## માણસા સત્યાગ્રહ

માણસામાં 1938માં થયેલા સત્યાગ્રહમાં શ્રી સરદાર પટેલે રણભૂમિમાં પગ મૂકયા વગર મુત્સદ્દીગીરીપૂર્વક રાજાશાહી રાજ્યમાં મહેસૂલી કર માફ કરાવ્યો હતો.

- અહીં શ્રી સરદાર પટેલે ખેડૂતોની દોરવણી માટે "ખેડૂત સભા"ની રચના કરી હતી.

## કોંગ્રેસનું નેતૃત્વ

શ્રી સરદાર પટેલ 1931માં કોંગ્રેસના કરાંચી અધિવેશનના પ્રમુખ હતા.

- આ અધિવેશનમાં કોંગ્રેસે નીચેના મુદ્દાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને સમજૂતીને બહાલી આપી હતી :

(1) મૂળભૂત હક્કો અને માનવીય સ્વતંત્રતાઓ (2) બિનસાંપ્રદાયિક દેશ માટેની કલ્પના

(3) ન્યૂનત્તમ વેતનની બહાલી (4) અસ્પૃશ્યતા તથા ખેતગુલામી નાબૂદ કરવી.

- ત્યારબાદ શ્રી સરદાર પટેલે 1934 અને 1937માં અખિલ ભારતીય ચૂંટણી માટેના કોંગ્રેસી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું.

## ગાંધીજી સાથે યરવાડા જેલમાં

જાન્યુઆરી 1932માં શ્રી સરદાર પટેલ અને મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી અને તેમને યરવાડા જેલમાં રાખવામાં આવ્યા.

- યરવાડા જેલમાં ગાંધીજીએ શ્રી સરદાર પટેલને સંસ્કૃત ભાષા શીખવી હતી.
- પછીથી શ્રી સરદાર પટેલને નાસિક જેલમાં ખસેડવામાં આવ્યા હતા.
- અને તેઓ જ્યારે નાસિક જેલમાં હતા ત્યારે 1934માં તેમના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈના દેહાંત બાદ તેમની અંતિમ ક્રિયામાં ભાગ લેવા બ્રિટિશ સરકારે તેમને થોડા દિવસો માટે મુક્ત કરવાની તૈયારી બતાવી હતી તેમ છતાં તેમણે તે સ્વીકારી ન હતી.

## ભારત છોડો આંદોલન

ભારત છોડો આંદોલન સમયે શ્રી સરદાર પટેલ ખુલ્લા બળવાની તરફેણમાં હતા.

- અને ગાંધીજીએ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ ઉપર આ બળવાને સ્વીકૃતિ આપવા દબાણ કર્યું કે જેને પરિણામે સમિતિએ 7 ઓગસ્ટ, 1942ના રોજ અસહકાર ચળવળને મંજૂરી આપી હતી.
- 7 ઓગસ્ટ, 1942ના રોજ શ્રી સરદાર પટેલે મુંબઈના ગોવાળિયા ટેન્ક મેદાનમાં 1 લાખ લોકો સમક્ષ કરેલું ભાષણ ભારતમાં 'હિંદ છોડો ચળવળ' માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યું હતું.
- ત્યારબાદ 9 ઓગસ્ટ, 1942ના રોજ શ્રી સરદાર પટેલ સહિત સંપૂર્ણ કોંગ્રેસ કાર્યકારી સમિતિની ધરપકડ કરવામાં આવી અને 15 જૂન, 1945 સુધી તેમને અહમદનગર કિલ્લાના કારાવાસમાં બંદી તરીકે રાખવામાં આવ્યા.
- 15 જૂન, 1945ના રોજ શ્રી સરદાર પટેલને જ્યારે જેલમુક્ત કરવામાં આવ્યા ત્યારે તેમણે જાણ્યું કે, અંગ્રેજો ભારતીયોને સત્તા સોંપવાના પ્રસ્તાવ ઉપર કામ કરી રહયા હતા.

## વડાપ્રધાન પદનો ત્યાગ

1946માં કોંગ્રેસના પ્રમુખપદની ચૂંટણીમાં શ્રી સરદાર પટેલે શ્રી જવાહરલાલ નહેરુની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.

- આ ચૂંટણીનું મહત્ત્વ એ હતું કે એમાં ચૂંટાઈ આવનાર પ્રમુખ, સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાના હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત જ્યારે ગાંધીજીએ ભારતના 16 રાજ્યોના પ્રતિનિધિઓ તથા કોંગ્રેસને યોગ્ય ઉમેદવાર નીમવા જણાવ્યું ત્યારે 16માંથી 13 પ્રતિનિધિઓએ શ્રી સરદાર પટેલનું નામ સૂચવ્યું હતું.
- તેમ છતાં શ્રી સરદાર પટેલે ગાંધીજીની ઈચ્છાને માન આપીને ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની તક જતી કરી હતી.
- અને તેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન બનીને ભારત સરકારના ગૃહમંત્રાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની જવાબદારી સંભાળી હતી.

## ભારતનું વિભાજન

આઝાદી સમયે અવિભાજિત ભારતના તમામ વિસ્તારો બે ભાગમાં વહેંચાયેલા હતા : (1) <u>અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર</u> અને (2) <u>600થી વધુ રાજા–રજવાડાઓનો વિસ્તાર</u>.

- આ સમયે ભારતીય સમાજનું નેતૃત્વ મુખ્યત્વે બે રાજકીય પાર્ટીઓ દ્વારા થતું હતું : (1) <u>કોંગ્રેસ</u> અને (2) <u>મુસ્લિમ લીગ</u>.
- જેમાંથી ભારતના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં મુસ્લિમ લીગને સમર્થન હતું. અને ભારતના અન્ય વિસ્તારોમાં <u>કોંગ્રેસ</u>ને સમર્થન હતું.
- આ સમયે મુસ્લિમ લીગ દ્વારા મુસ્લિમો માટે અલગ પાકિસ્તાનની માંગ કરવામાં આવી.
- આઝાદી સમયે ભારતનું વિભાજન ભારતના મોટા ભાગના નેતાઓને પસંદ ન હતું. આથી, મહાત્મા ગાંધીજી તથા શ્રી જવાહરલાલ નહેરુ સહિતના નેતાઓએ તેનો વિરોધ કર્યો હતો.
- જોકે, શ્રી સરદાર પટેલે તેનો સ્વીકાર કર્યો હતો. અને તેની પાછળનું કારણ એ હતું કે, એ સમયે ભારતીય નેતાગીરી સામેનો મુખ્ય પ્રશ્ન 600 જેટલા રાજા–રજવાડાઓને એક શાસન નીચે લાવવાનો હતો.
- અને એ માટે ભારતમાં એક સશક્ત સરકારની આવશ્યકતા હતી.
- જો મુસ્લિમ લીગની માંગણી ન સ્વિકારવામાં આવે તો ભારતમાં મુસ્લિમ લીગની સામેલગીરી વાળી વિભાજીત અને નબળી સરકાર અસ્તિત્વમાં આવે.પરિણામે, ભારતના 600 જેટલા રજવાડાઓને પોતપોતાની સ્વતંત્રતા મેળવવા માટે પ્રોત્સાહન મળી રહે અને ભારતના એક નહિ પરંતુ અનેક ભાગલા થઈ જાત.
- શ્રી સરદાર પટેલના શબ્દોમાં કહીએ તો –

> “કોઈને ભારતના ભાગલા થાય તે ગમતું નથી.
> મારું હૃદય પણ ભારે છે. પણ અત્યારે પસંદગી એક ભાગલા કે પછી ઘણા ભાગલાઓ
> વચ્ચે છે. આપણે તથ્યોનો સામનો કરવો જોઈએ.
> આપણે ભાવનાત્મકતા તથા લાગણી પ્રધાનતાને આધીન ન થવું જોઈએ.”

- આ ઉપરાંત ભારત–પાકિસ્તાનના વિભાજન દરમિયાન પંજાબ તેમજ બંગાળના હિંદુ બહુમતીવાળા ક્ષેત્રોનો પણ પાકિસ્તાનમાં સમાવેશ કરવામાં આવે તેવી શ્રી મોહમ્મદ અલી જિન્હાની માંગણીનો શ્રી સરદાર પટેલે સખત વિરોધ કર્યો હતો અને તેને પાકિસ્તાનમાં જતા અટકાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારત–પાકિસ્તાનના ભાગલા સમયે ફાટી નીકળેલ કોમી રમખાણો દરમિયાન તેમણે દિલ્હીના શ્રી નિઝામુદ્દિન ઔલિયા વિસ્તારમાં રહેતા હજારો મુસ્લિમોને કોમી રમખાણોથી બચાવવા માટે આ વિસ્તારની દરગાહમાં જઈને પ્રાર્થના કરી હતી, તેમજ લોકોને મળીને મજબૂત પોલીસ વ્યવસ્થા કરી હતી.
- આ સમયે દિલ્હી તેમજ પંજાબની પોલીસ પર પણ મુસ્લિમો પર હુમલા કરવાના આરોપ થતા હતા. આથી શ્રી સરદાર પટેલે દક્ષિણ ભારતથી સેનાની ટુકડીઓ મંગાવી તેમને કડક સંચારબંદી લાગુ કરવા તેમજ દેખો ત્યાં ઠાર કરવાના આદેશો આપ્યા હતા.

## રજવાડાઓનું વિલીનીકરણ

ભારત–પાકિસ્તાનના ભાગલા બાદ અવિભાજિત ભારતના 600 જેટલા રજવાડાઓમાંથી ભારતમાં 560થી વધુ રજવાડાઓ અસ્તિત્વમાં હતા.

- આ સમયે ભારતનો વિસ્તાર બે ભાગમાં વહેંચાયેલો હતો : (1) અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર અને (2) 560થી વધુ રાજા–રજવાડાઓનો વિસ્તાર.
- જેમાંથી આઝાદી બાદ અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર ભારત સરકારને સોંપવામાં આવ્યો હતો.
- આ સમયે લોર્ડ માઉન્ટબેટનની યોજના પ્રમાણે બ્રિટનની પાર્લામેન્ટમાં 18 જુલાઈ, 1947ના રોજ એક ખરડો પસાર કરવામાં આવ્યો.
- આ કાયદો 'હિંદ સ્વતંત્ર ધારો 1947' તરીકે ઓળખાયો.
- આ કાયદાની કલમ-7માં દેશી રાજ્યો અંગે જોગવાઈ કરવામાં આવી હતી. જેની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે હતી :
  (1) દેશી રાજાઓ સાથેના તમામ કોલકરારો, સંધિઓ તથા બ્રિટિશ સરકારના આધિપત્યનો 15 ઓગસ્ટ, 1947 સુધીમાં અંત આવશે.
  (2) દેશી રાજ્યો ભારત કે પાકિસ્તાન બેમાંથી કોઈપણ દેશ સાથે જોડાઈ શકશે અથવા તો સ્વતંત્ર રહી શકશે.
- આ જાહેરાત અને 15 ઓગસ્ટ, 1947 વચ્ચે પૂરા એક મહિનાનો પણ સમય ન હતો.
- આ સમય દરમિયાન ભારતમાં 560થી વધુ રજવાડાઓને ભારત સાથે જોડવા માટે લોર્ડ માઉન્ટ બેટનની સલાહથી ભારતમાં 'રાજ્ય મંત્રાલય' નામના એક નવા જ મંત્રાલયની રચના કરવામાં આવી.
- ભારતમાં દેશી રાજ્યોના વિલીનીકરણની અતિ કપરી જવાબદારી શ્રી સરદાર પટેલને સોંપવામાં આવી અને તેમને આ 'રાજ્ય મંત્રાલય'ના પ્રધાન બનાવવામાં આવ્યા. તથા શ્રી વી. પી. મેનન આ મંત્રાલયના સેક્રેટરી બન્યા.
- જોકે, આ સમસ્યાને અગાઉથી જ પારખી ગયેલા શ્રી સરદાર પટેલે 6 મે, 1947થી જ વિવિધ રાજાઓ સાથે મંત્રણાઓ શરૂ કરી દીધી હતી. અને જે તે રાજ્યની ભૌગોલિક તેમજ અન્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી સરદાર પટેલે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી. જેને કારણે 560 થી વધુ રજવાડાઓમાંથી ત્રણને બાદ કરતાં બાકીના રજવાડાઓ ભારતમાં વિલીન થઈ ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જે ત્રણ રાજ્યો ભારત સાથે જોડાયા ન હતા તેમાં જૂનાગઢ, હૈદરાબાદ અને જમ્મુ–કાશ્મીરનો સમાવેશ થાય છે.
- જેમાં જૂનાગઢને સેના તેમજ 'આરઝી હકુમત'ની મદદથી ભારતમાં વિલીન કર્યું હતું.
- જ્યારે હૈદરાબાદને, હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરવાનો વિરોધ કરી રહેલા શ્રી જવાહરલાલ નહેરુ યુરોપની યાત્રા પર ગયા હતા ત્યારે કાર્યવાહક પ્રધાનમંત્રી તરીકે હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરીને શ્રી સરદાર પટેલે હૈદરાબાદને ભારતમાં વિલીન કર્યું હતું.
- આ માટે હૈદરાબાદ પર થયેલી લશ્કરી કાર્યવાહીને 'ઓપરેશન પોલો' નામ આપવામાં આવ્યું હતું.
- જ્યારે ભારત કે પાકિસ્તાન સાથે ન જોડાયેલા જમ્મુ–કાશ્મીર પર પાકિસ્તાને આક્રમણ કર્યું અને પાકિસ્તાનની સેના શ્રીનગરથી ફક્ત 65 કિ.મી. દૂર હતી ત્યારે જમ્મુ–કાશ્મીરના મહારાજા શ્રી હરિસિંહજી ડોગરાએ શ્રી સરદાર પટેલની મદદ માંગી.
- ત્યારે આવી જ કોઈ તકની રાહ જોઈને બેઠેલા શ્રી સરદાર પટેલે તાત્કાલીક શ્રી વી. પી. મેનનને વિમાનમાર્ગે કાશ્મીર મોકલીને હિંદી સંઘ સાથેના જોડાણખત પર સહી કરાવી દીધી અને તેને ભારતમાં વિલીન કર્યું
- ત્યાર બાદ હવાઈ માર્ગે લશ્કર મોકલી પાકિસ્તાની સૈન્યને પીછેહઠ કરવા મજબૂર કર્યા.

નોંધ : (1) ભારતના રજવાડાઓ કઈ રીતે ભારતમાં વિલીન થયા એ અંગે શ્રી વી. પી. મેનને લખેલા પુસ્તકનું નામ ''ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ઈન્ડિયન સ્ટેટ'' છે.

(2) શ્રી સરદાર પટેલ અલ્પસંખ્યકો, આદિજાતિ તેમજ બાકાત વિસ્તાર, મૂળભૂત અધિકારો તેમજ પ્રાદેશિક સંવિધાનની સમિતિ જેવી વિવિધ સમિતિઓના પ્રમુખ હતા.

(3) તેમને ભારતીય સનદી સેવાઓના 'પેટ્રોન સેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

(4) 15 ડિસેમ્બર, 1950ના રોજ હૃદયરોગના હુમલાને કારણે 75 વર્ષની વયે દિલ્હી ખાતે તેમનું નિધન થયું હતું.

(5) ઈ.સ. 1991માં તેમને મરણોત્તર ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો હતો.

(6) 'શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક'ની ગુજરાતના અમદાવાદના મોતી મહેલ ખાતે 1980માં સ્થાપના કરવામાં આવી હતી.

(7) શ્રી સરદાર પટેલને કુ. સરોજિની નાયડુએ 'લોખંડની દાબડીમાં સોનાનું ઘરેણું', શ્રી ચં. ચી. મહેતાએ 'રુદ્ર–ભદ્ર સરદાર' તથા શ્રી ગુણવંત શાહે 'વજ્રના કૂંડામાં ઊગેલું સુકોમળ પુષ્પ' કહીને નવાજ્યા છે. આ ઉપરાંત તેમને 'ભારતના બિસ્માર્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## તકેદારી જાગૃતિ સપ્તાહ 2023 (Vigilance Awareness Week)

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) દ્વારા 30 ઓક્ટોબરથી 5 નવેમ્બર, 2023 દરમિયાન 'તકેદારી જાગૃતિ સપ્તાહ 2023' ઉજવવામાં આવ્યો છે.

- તકેદારી જાગૃતિ સપ્તાહને 'વિજિલન્સ અવેરનેસ વીક' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર તેમના માનમાં આ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે.
- ભ્રષ્ટાચારના વધતા જતા જોખમ અને તેના પરિણામોની ચિંતાને ધ્યાનમાં રાખીને આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.
- તકેદારી જાગૃતિ સપ્તાહ 2023ની થીમ 'Say no to Corruption; Commit to the Nation' (ભ્રષ્ટાચારને ના કહે, રાષ્ટ્ર માટે પ્રતિબદ્ધ રહો) પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ વિશાળ પહેલ તકેદારીને પ્રોત્સાહન આપવા અને સરકારી વિભાગો અને સંસ્થાઓમાં ભ્રષ્ટાચારને નાથવા માટેના એક નક્કર પ્રયાસનું પ્રતિનિધિત્વ કરે છે.

## G7 વેપાર મંત્રીઓની બેઠક



તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલે જાપાનના ઓસાકામાં ગ્રુપ ઓફ સેવન (G7)ના વેપાર મંત્રીઓ સાથેની બેઠકમાં ભાગ લીધો હતો.

- G7 સભ્ય દેશોના વેપાર મંત્રીઓ વેપાર અને રોકાણ સંબંધિત વર્તમાન વૈશ્વિક પડકારોને પહોંચી વળવા સાથે સારા ભવિષ્ય માટેનો માર્ગ નક્કી કરવાના ઉદ્દેશ્ય સાથે વાર્ષિક બેઠક યોજે છે.

### બેઠકની મુખ્ય વિશેષતાઓ

ભારતે વૈશ્વિક સ્તરે પુરવઠા શૃંખલાની સ્થિતિસ્થાપકતા વધારવા માટે મહત્ત્વપૂર્ણ હસ્તક્ષેપ કર્યો અને આ મુદ્દા પર ઘણા સૂચનો પણ કર્યા હતા.

- ભારતે એ પણ નોંધ્યું કે કોવિડ-19 મહામારી અને ભૌગોલિક રાજકીય ઘટનાઓએ હાલની સપ્લાય ચેઈનમાં નબળાઈઓ ઉજાગર કરી છે, જેના કારણે કોમોડિટી (વસ્તુઓ)ના ભાવમાં વધારો થયો છે અને વૈશ્વિક ફુગાવો થયો છે.
- ભારતે સપ્લાય ચેઈનના પરિવહનને સરળ બનાવવા અને ક્રોસ બોર્ડર વેપારને સરળ બનાવવા માટે સભ્ય દેશોને નિયમનકારી માળખા પર સહકાર આપવા વિનંતી કરી હતી.

- ભારતે G20 નવી દિલ્હી ઘોષણાપત્રમાં દર્શાવેલ વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓના મેપિંગ માટે જેનરિક ફ્રેમવર્કનો પણ ઉલ્લેખ કર્યો છે જેથી સભ્ય દેશોને જોખમો ઓળખવા અને વેપારની સ્થિતિસ્થાપકતા વધારવામાં મદદ મળી શકે.
- ભારતે જાહેર–ખાનગી ભાગીદારી, નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ અને સપ્લાય ચેઈનના નવીનતા અને ડિજિટલાઈઝેશનની જરૂરિયાતને પણ પ્રોત્સાહન આપ્યું હતું.
- બેઠક ઉપરાંત ભારત અને યુનાઈટેડ કિંગ્ડમે સૂચિત મુક્ત વેપાર કરાર (FTA)ની પ્રગતિની સમીક્ષા કરી હતી, જેના માટેની ચર્ચાઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે.

## G-7 જૂથ

G-7 અથવા તો 'Group of Seven'માં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને કેનેડા એમ કુલ 7 સભ્યો દેશોનો સમાવેશ થાય છે.

- તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
- G-7 એ એક આંતરરાષ્ટ્રીય આંતર સરકારી આર્થિક સંગઠન છે.
- 1975માં એ સમયે ટોચની અર્થવ્યવસ્થાઓ દ્વારા વિશ્વના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- પ્રારંભમાં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની અને ઈટલી એમ કુલ 6 દેશો દ્વારા આ જૂથની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, એ સમયે તે G-6 અથવા તો 'Group of Six' તરીકે ઓળખાતું હતું.
- જોકે, 1977માં તેમાં કેનેડાનો સમાવેશ થતાં તે G-7 અથવા તો 'Group of Seven' તરીકે ઓળખાયું.
- હાલ (ઓક્ટોબર 2023ની સ્થિતિએ) આ જૂથમાં 7 દેશોનો સમાવેશ થાય છે.
- જોકે, અગાઉ 1998માં આ જૂથમાં રશિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી, તે સમયે આ જૂથ G-8 અથવા તો 'Group of Eight' તરીકે ઓળખાતું હતું.
- જોકે, વર્ષ 2014માં ક્રીમિયા વિવાદને કારણે રશિયાને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.

નોંધ : (1) G-7 નું કોઈ ઔપચારિક બંધારણ નથી અને તેનું કોઈ નિશ્ચિત વડું મથક પણ નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) આ જૂથની વાર્ષિક સમિટની અધ્યક્ષતા સાતેય સભ્ય દેશોના નેતાઓ દ્વારા રોટેશનલ ધોરણે વારાફરતી કરવામાં આવે છે.

(3) વર્ષ 2023માં જાપાનમાં <u>49મી G-7 સમિટનું</u> આયોજન થયું હતું.

(4) સમિટની વેબસાઈટ અનુસાર વર્ષ <u>2023</u> સુધીમાં G-7 દેશો વૈશ્વિક વસતીના <u>10%</u>, વૈશ્વિક GDPમાં <u>31%</u> અને વૈશ્વિક કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં <u>21%</u> યોગદાન આપે છે.

(5) વિશ્વમાં સૌથી વધુ GDPના આંકડા ધરાવતા અને બે સૌથી વધુ વસતી ધરાવતા દેશો ચીન અને ભારત આ જૂથનો ભાગ નથી.

(6) હવે પછી વર્ષ 2024માં 50મી G-7 સમિટ ઈટાલીમાં યોજાશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ ભારત અથવા તો વિશ્વમાં નીચેનામાંથી કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) રાષ્ટ્રીય એકતા દિવસ (B) વિશ્વ બચત દિવસ (C) વિશ્વ શહેર દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

2. ભારતમાં 31 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(A) શ્રી સરદાર પટેલ જન્મદિન (B) રાષ્ટ્રીય એકતા દિવસ
(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથિ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

3. ભારતમાં શ્રી સરદાર પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ક્યારથી ઉજવાય છે ?
(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(C)**

4. હાલમાં 31 ઓક્ટોબર, 2023ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના કેટલામાં જન્મદિનની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 141મા (B) 144મા (C) 147મા (D) 148મા **(D)**

5. 'રાષ્ટ્રીય એકતા દિવસ' કોના જન્મ દિન પર ઉજવવામાં આવે છે ?
(A) મોરારજી દેસાઈ (B) મહાત્મા ગાંધીજી
(C) લાલ બહાદુર શાસ્ત્ર (D) સરદાર વલ્લભભાઈ પટેલ **(D)**

6. 31 ઓક્ટોબર, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અનાવરણ કરવામાં આવેલ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટીની' ઊંચાઈ કેટલી છે ?
(A) 491.181 ફૂટ (B) 590.551 ફૂટ (C) 597.113 ફૂટ (D) 546 ફૂટ **(C)**

7. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતના નર્મદા જિલ્લાના કયા તાલુકામાં આવેલ છે ?
(A) નાંદોદ (B) ગરૂડેશ્વર (C) સાગબારા (D) તિલકવાડા **(B)**

8. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નર્મદા નદીના કયા બેટ પર આવેલ છે ?
(A) સારસ બેટ (B) સાહૂ બેટ (C) સાગબારા બેટ (D) સાધુ બેટ **(D)**

9. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો શિલાન્યાસ ક્યારે કરવામાં આવ્યો હતો ?
(A) 31 ઓક્ટોબર, 2013 (B) 31 ઓક્ટોબર, 2014
(C) 31 ઓક્ટોબર, 2015 (D) 31 ઓક્ટોબર, 2016 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10.** શ્રી સરદાર સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના મુખ્ય ડિઝાઈનર (શિલ્પકાર) કોણ છે ?
(A) શ્રી રામ નારાયણ સુથાર (B) શ્રી રામ પ્રસાદ સુથાર
(C) શ્રી રામ ગોપાલ સુથાર (D) શ્રી રામ વાનજી સુથાર **(D)**

**11.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને કઈ ધાતુનું આવરણ ચડાવવામાં આવ્યું છે ?
(A) તાંબાનું (B) સ્ટીલનું (C) કાંસાનું (D) એલ્યુમિનિયમનું **(C)**

**12.** વિંધ્યાચલ પર્વતમાળા અને સાતપુડા પર્વતમાળા વચ્ચેથી કઈ નદી પસાર થાય છે ?
(A) તાપી (B) સાબરમતી (C) નર્મદા (D) મહી **(C)**

**13.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પાયા સાથેની ઊંચાઈ કેટલી છે ?
(A) 182 મીટર (B) 240 મીટર (C) 200 મીટર (D) 260 મીટર **(B)**

**14.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ક્યારે થયો હતો ?
(A) 31 ઓક્ટોબર, 1875 (B) 31 ઓક્ટોબર, 1886
(C) 31 ઓક્ટોબર, 1885 (D) 31 ઓક્ટોબર, 1888 **(A)**

**15.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને છઠ્ઠા ધોરણમાં કયા ગુજરાતી શિક્ષકે શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા ?
(A) શ્રી છોટાલાલ માસ્તર (B) શ્રી રમણીકલાલ માસ્તર
(C) શ્રી મણીશંકર માસ્તર (D) એકપણ નહીં **(A)**

**16.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની વકીલાત ક્યાંથી શરૂ કરી હતી ?
(A) બારડોલી (B) અમદાવાદ (C) ગોધરા (D) કરમસદ **(C)**

**17.** ગુજરાત વિધાનસભા ગૃહનું નામ શું રાખવામાં આવ્યું છે ?
(A) સરદાર વલ્લભભાઈ પટેલ ભવન (B) વિઠ્ઠલભાઈ પટેલ ભવન
(C) જીવરાજ મહેતા ભવન (D) ચિમન મહેતા ભવન **(B)**

**18.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કઈ રમતમાં માહેર હતા ?
(A) ક્રિકેટ (B) વોલીબોલ (C) બ્રિજ (D) ચેસ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનું બિરૂદ કયા સત્યાગ્રહથી મળ્યું ?
(A) બારડોલી સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ (C) ખેડા સત્યાગ્રહ (D) નાગપુર સત્યાગ્રહ **(A)**

20. બારડોલી સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો ?
(A) 1923 (B) 1928 (C) 1918 (D) 1932 **(B)**

21. ઈ.સ. 1923માં નાગપુર (ઝંડા) સત્યાગ્રહનું નેતૃત્વ કોણે કર્યું હતું ?
(A) શ્રી જયપ્રકાશ નારાયણ (B) શ્રી ગાંધીજી
(C) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (D) શ્રી અરવિંદ ઘોષ **(C)**

22. બોરસદ સત્યાગ્રહમાં પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ કેટલો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું ?
(A) 2 રૂપિયા 5 આના (B) 1 રૂપિયો 7 આના (C) 2 રૂપિયા 7 આના (D) 1 રૂપિયો 5 આના **(C)**

23. દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ કયા ગામથી થઈ હતી ?
(A) કરાડી (B) બોરસદ (C) રાસ (D) દાંડી **(C)**

24. દેશી રજવાડાઓના ભારતમાં વિલીનીકરણ સમયે કયા રાજવીએ પોતાનું રાજ્ય સૌપ્રથમ ભારત સંઘમાં સોંપ્યું ?
(A) શ્રી ભાવસિંહજી ગોહિલ (B) શ્રી કૃષ્ણકુમાર સિંહજી
(C) શ્રી જામ સાહેબ (D) શ્રી વિભોજી જાડેજા **(B)**

25. મહારાજા કૃષ્ણકુમાર સિંહજી જેમણે સૌપ્રથમ પોતાનું રાજ્ય ભારત સંઘમાં જોડવાની સહમતી દર્શાવી હતી તે કયાંના રાજા હતા ?
(A) જામનગર (B) જૂનાગઢ (C) ભાવનગર (D) કચ્છ **(C)**

26. ભારત દેશના મહાન પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન કઈ સાલમાં એનાયત થયો હતો ?
(A) ઈ.સ. 1971માં (B) ઈ.સ. 1981માં (C) ઈ.સ. 1991માં (D) ઈ.સ. 1999માં **(C)**

27. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને 'ભારતના બિસ્માર્ક' તરીકે ઓળખવામાં આવે છે. આ બિસ્માર્ક કયા દેશના વતની હતા ?
(A) અમેરિકા (B) જર્મની (C) બ્રિટન (D) ફ્રાંસ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| **28.** હૈદરાબાદને ભારતસંઘમાં જોડવા માટે કરવામાં આવેલી લશ્કરી કાર્યવાહીને કયું નામ આપવામાં આવ્યું હતું ?<br>(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પોલો<br>(C) ઓપરેશન મૈત્રી (D) ઓપરેશન બ્લેક થંડર | | **(B)** |
| **29.** 'ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ધ ઈન્ડિયન સ્ટેટ્સ' પુસ્તકના લેખક કોણ હતા ?<br>(A) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (B) શ્રી વી. પી. મેનન<br>(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (D) માઉન્ટ બેટન | | **(B)** |
| **30.** તાજેતરમાં 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશન' (CVC) દ્વારા 'તકેદારી જાગૃતિ સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહનું આયોજન કોની જન્મ જયંતિના માનમાં કરવામાં આવે છે ?<br>(A) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (B) મહાત્મા ગાંધીજી<br>(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રીમતી ઈન્દિરા ગાંધી | | **(A)** |
| **31.** તાજેતરમાં કયા શહેરમાં G7 વેપાર મંત્રીઓની બેઠક યોજાઈ હતી ?<br>(A) નાગાસિકી (B) કાવાસિકી (C) ઓસાકા (D) ક્યોટો | | **(C)** |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 01 નવેમ્બર, વિશ્વ શાકાહાર દિવસ

## 1 નવેમ્બર : 7 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોનો સ્થાપના દિવસ

1 નવેમ્બર ભારતના સાત રાજ્ય અને 2 કેન્દ્રશાસિત પ્રદેશનો સ્થાપના દિવસ છે.

- આ સાત રાજ્યમાં આંધ્રપ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, કેરળ, કર્ણાટક, પંજાબ અને મધ્યપ્રદેશનો સમાવેશ થાય છે.
- જ્યારે 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં લક્ષદ્વીપ અને પુડુચેરીનો સમાવેશ થાય છે.
- કેરળ રાજ્યની રચના 1 નવેમ્બર, 1956ના રોજ થઈ હતી. તેની રચના પહેલા તે ત્રણ સ્વતંત્ર પ્રાંતો 'મલબાર', ત્રાવણકોર અને કોચીનમાં વહેંચાયેલું હતું. આ રાજ્યનું નામ કેરળના પ્રથમ શાસક કેરલિયન થમ્બોરન પરથી પડ્યું છે.
- છત્તીસગઢને 1 નવેમ્બર, 2000ના રોજ મધ્યપ્રદેશમાંથી અલગ કરવામાં આવ્યું હતું.
- 1 નવેમ્બર, 1966ના રોજ હરિયાણા પંજાબથી અલગ થયું હતું. આ નિર્ણય દેશ માટે વરદાન સાબિત થયો કારણ કે રાજ્યએ પાક ઉત્પાદનના સંદર્ભમાં હરિત ક્રાંતિ ચળવળનું નેતૃત્વ કર્યું હતું. પંજાબની રચના 1950માં સુબા ચળવળમાં થઈ હતી.
- મધ્યપ્રદેશ રાજ્યની રચના 1 નવેમ્બર, 1956ના રોજ થઈ હતી.
- આંધ્રપ્રદેશ રાજ્યની રચના 1 નવેમ્બર, 1956ના રોજ થઈ હતી.

નોંધ : (1) અગાઉ તમિલનાડુએ પણ 1 નવેમ્બર તેનો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. પરંતુ 30 ઓક્ટોબર, 2021ના રોજ જાહેરાત કરી હતી કે તે 18 જુલાઈના રોજ તમિલનાડુ રાજ્ય સ્થાપના દિવસ ઉજવશે.

(2) કર્ણાટકમાં આ દિવસ 'રાજ્યોત્સવ' તરીકે ઉજવવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 16મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023



તાજેતરમાં 16મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023નું સમાપન થયું હતું.

- આ ઈવેન્ટનું આયોજન હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન ટ્રાન્સપોર્ટ (ભારત) દ્વારા દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી 27 થી 29 ઓક્ટોબર, 2023 દરમિયાન નવી દિલ્હીમાં કરવામાં આવ્યું હતું.

- મુસાફરો માટે સુવિધાજનક અને કાર્યક્રમ ચુકવણી પદ્ધતિ તરીકે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC)ના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.
- કોન્ફરન્સે શહેરી પરિવહન માળખાની વધતી જતી માંગને પહોંચી વળવા માટે નવીન ભંડોળ પદ્ધતિઓ અને જાહેર–ખાનગી ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.
- અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023એ ઉત્સર્જન ઘટાડવા ઈલેક્ટ્રિક વાહનો અપનાવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. અને શહેરી વિસ્તારોને ઈલેક્ટ્રિક વાહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.
- શહેરી પરિવહન પ્રોજેક્ટ્સમાં શ્રેષ્ઠતા અને શ્રેષ્ઠ પ્રેક્ટિસ માટે વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા.
- કેટેગરીમાં શ્રેષ્ઠ જાહેર પરિવહન વ્યવસ્થા, સૌથી નવીન ફાઈનાન્સિંગ મિકેનિઝમ અને શ્રેષ્ઠ ગ્રીન ટ્રાન્સપોર્ટ પહેલનો સમાવેશ થાય છે.

## મેરી માટી મેરા દેશ અભિયાનની અમૃત કળશ યાત્રાનો સમાપન કાર્યક્રમ અને 'મેરા યુવા ભારત' પ્લેટફોર્મનો શુભારંભ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 31 ઓક્ટોબરના રોજ દિલ્હીમાં કર્તવ્ય પથ પર 'મેરી માટી મેરા દેશ' અભિયાનની અમૃત કળશ યાત્રાના સમાપન પ્રસંગે હાજરી આપી હતી.

- કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃત વાટિકા અમૃત મહોત્સવ સ્મારકનો શિલાયન્સ કર્યો હતો.
- આ ઉપરાંત 'મેરા યુવા ભારત' – માય ભારત પ્લેટફોર્મનો શુભારંભ કરાવ્યો હતો.
- આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સારૂ પ્રદર્શન કરનાર ટોચના 3 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ મંત્રાલયો/વિભાગોને આઝાદી કા અમૃત મહોત્સવ પુરસ્કારો પણ એનાયત કર્યા હતા.
- આ રાજ્યોમાં જમ્મુ–કાશ્મીર પ્રથમ, ગુજરાત બીજા તથા હરિયાણા અને રાજસ્થાન સંયુક્ત રીતે ત્રીજા સ્થાને રહ્યા હતા.
- જ્યારે ટોચના 3 પ્રદર્શન કરનાર મંત્રાલયમાં પ્રથમ વિદેશ મંત્રાલય, બીજા ક્રમે સંરક્ષણ મંત્રાલય તથા રેલવે અને શિક્ષણ મંત્રાલય સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે.

## મેરી માટી મેરા દેશ અભિયાન

'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે મેરી માટી મેરા દેશ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

- મેરી માટી મેરા દેશ અભિયાન એ વીર અને વીરાંગનાઓને શ્રદ્ધાંજલી છે, જેમણે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.
- દેશના વિવિધ ભાગોમાંથી એકત્રિત કરવામાં આવેલી માટીનો ઉપયોગ દિલ્હીમાં કર્તવ્ય પથના કિનારે અમૃત વાટિકા ગાર્ડનને વિકસાવવા માટે કરવામાં આવશે.
- પંચાયત અને ગામથી લઈને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુરોના નામ સાથે શિલાફલકમ (સ્મારક તકતી) સ્થાપિત કરવામાં આવશે.
- આ કાર્યક્રમ અંતર્ગત 2.36 કરોડથી વધુ સ્વદેશી રોપાઓ વાવવામાં આવ્યા છે.
- તથા દેશભરમાં વસુધા વંદન થીમ હેઠળ 2.63 લાખ અમૃત વાટિકાઓ બનાવવામાં આવી છે.
- આ અભિયાનમાં અમૃત કળશ યાત્રાનો પણ સમાવેશ થયો હતો, જેમાં ગ્રામીણ વિસ્તારોના 6 લાખથી વધુ ગામડાઓ અને શહેરી વિસ્તારોના વોર્ડમાંથી માટી અને ચોખાના અનાજનો સંગ્રહ છે.
- બ્લોક સ્તરેથી માટી રાજ્યની રાજધાનીમાં અને ત્યારબાદ હજારો અમૃત કળશ યાત્રીઓ સાથે રાજ્ય સ્તરેથી માટી રાષ્ટ્રીય રાજધાનીમાં મોકલવામાં આવી છે.
- નોંધનીય છે કે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને દિવંગત સ્વતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોના સન્માન માટે 'વીરોં કા વંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેરા યુવા ભારત

31 ઓક્ટોબરના (રાષ્ટ્રીય એકતા દિવસ) રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના યુવાનોને સમર્પિત 'મેરા યુવા ભારત' (My Bharat) પ્લેટફોર્મ સત્તાવાર રીતે લોન્ચ કર્યુ હતું.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે 11 ઓક્ટોબર, 2023ના રોજ 'મેરા યુવા ભારત' નામની સ્વાયત્ત સંસ્થાની સ્થાપનાને મંજૂરી આપી હતી.
- મેરા યુવા ભારતની કલ્પના યુવા વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી સંચાલિત સુવિધાકાર તરીકે કરવામાં આવી છે.
- મેરા યુવા ભારત સંસ્થા રાષ્ટ્રીય યુવા નીતિમાં 'યુવા'ની વ્યાખ્યાને અનુરૂપ 15-29 વર્ષની વયજૂથ યુવાનોને લાભ આપશે.

- આ પ્રોગ્રામના ઘટકો ખાસ કરીને 10-19 વર્ષની વય જૂથના લાભાર્થીઓ સાથે કિશોરો માટે રચાયેલ છે.
- આ નવી પ્રણાલી હેઠળ યુવાનો સંસાધનોની એક્સેસ અને તકો સાથે જોડાણ દ્વારા સમુદાય પરિવર્તનના એજન્ટ અને રાષ્ટ્ર નિર્માતા બનશે, તેમને સરકાર અને નાગરિકો વચ્ચે યુવા સેતુ તરીકે કામ કરવાની તક આપશે.

## મેરા યુવા ભારતની જરૂરિયાત

ભારતના યુવાનો દેશના ભાવિને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, ખાસ કરીને ભારત આઝાદીના 75 વર્ષની ઉજવણી કરી રહ્યું છે અને 2047 સુધીમાં 'અમૃત ભારત' બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

- વિઝન 2047 માટે એક ફ્રેમવર્કની જરૂર છે જે ગ્રામીણ અને શહેરી યુવાનોને એક સામાન્ય પ્લેટફોર્મ પર જોડે, મેરા યુવા ભારતનું લક્ષ્ય આ અંતરને પૂર્ણ કરવાનું છે.
- મેરા યુવા ભારત લાખો યુવાનો માટે તેને સુલભ અને આકર્ષક બનાવીને ફીજીટલ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા માંગે છે. તેઓ સરકાર અને તેના નાગરિકો વચ્ચે સેતુનું કામ કરશે.

## મેરા યુવા ભારતના ઉદ્દેશ્ય

મેરા યુવા ભારતના પ્રાથમિક ઉદ્દેશ્યોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

- નેતૃત્વ વિકાસ : પ્રાયોગિક શિક્ષણ દ્વારા નેતૃત્વ કૌશલ્યમાં વધારો કરવો અને સામાજિક સંશોધકો અને સમુદાયના નેતાઓને પ્રોત્સાહન આપવાનો છે.
- યુવા આકાંક્ષાઓ સાથે સંરેખણ : યુવા આકાંક્ષાઓ અને સમુદાયોની જરૂરિયાતો વચ્ચે સંરેખણ સુનિશ્ચિત કરવું.
- કન્વર્જન્સ દ્વારા કાર્યક્ષમતા : હાલના કાર્યક્રમોને એકત્ર કરીને અને કેન્દ્રીય યુવા ડેટાબેઝ તરીકે કાર્ય કરીને કાર્યક્ષમતામાં વધારો કરવો.
- દ્વિ–માર્ગી સંચાર : યુવાનો, સરકારી પહેલ અને અન્ય હિસ્સેદારો વચ્ચે વધુ સારા સંચારની સુવિધા આપવી.
- ફિજીટલ ઈકોસિસ્ટમ : પહોંચ અને જોડાણ વધારવા માટે ભૌતિક અને ડિજિટલ અનુભવોનું મિશ્રણ બનાવવું.

## શ્રી લિયોનેલ મેસ્સીએ આઠમી વખત બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો




આર્જેન્ટિના સ્ટાર ફૂટબોલર શ્રી લિયોનેલ મેસ્સીએ વિક્રમી આઠમી વખત બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો છે.

- નોંધનીય છે કે શ્રી લિયોનેલ મેસીના નેતૃત્વમાં આર્જેન્ટિનાએ 2022માં કતાર ખાતે રમાયેલા ફિફા વર્લ્ડ કપને જીત્યો હતો.

- જ્યારે બાર્સેલોના તથા સ્પેનની મિડફિલ્ડર <u>સુશ્રી ઐતાના બોનમાતીને</u> વિમેન્સ કેટેગરીનો બેલોન ડી'ઓર એવોર્ડ-2023 આપવામાં આવ્યો હતો.
- બેલોન ડી'ઓર એ <u>1956થી</u> <u>ફ્રેન્ચ ન્યૂઝ મેગેઝિન ફ્રાન્સ ફૂટબોલ</u> દ્વારા દર વર્ષે આપવામાં આવતો એવોર્ડ છે.
- આ પુરસ્કાર ગત સિઝનના ખેલાડીઓના વ્યક્તિગત પ્રદર્શન પર આધારિત છે.
- આ અગાઉના માપદંડોથી ફેરફાર છે, જે કેલેન્ડર વર્ષ દરમિયાન ખેલાડીના પ્રદર્શન પર આધારિત હતા.
- આ પુરસ્કાર અસ્થાયીરૂપે 2010 થી 2015 દરમિયાન FIFA વર્લ્ડ પ્લેયર ઓફ ધ યર સાથે મર્જ કરવામાં આવ્યો હતો અને તેને FIFA બેલોન ડી'ઓર તરીકે ઓળખવામાં આવતો હતો. જોકે આ ભાગીદારી વર્ષ 2016માં સમાપ્ત થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ‘વિશ્વ શાકાહાર દિન’ અથવા 'World Vegan Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર **(A)**

2. 1 નવેમ્બર નીચેના પૈકી કયા રાજ્યનો સ્થાપના દિવસ છે :

1. આંધ્રપ્રદેશ 2. કર્ણાટક 3. હરિયાણા 4. છત્તીસગઢ

5. કેરળ 6. પંજાબ 7. મધ્યપ્રદેશ

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1, 3 અને 6 (B) માત્ર 1, 2, 3, 6 અને 7

(C) માત્ર 1 અને 2 (D) ઉપરોક્ત તમામ **(D)**

3. તાજેતરમાં 16મી અર્બન મોબિલિટી ઈન્ડિયા (UMI) કોન્ફરન્સ અને એક્ઝિબિશન 2023 કયાં યોજાઈ હતી ?

(A) નવી દિલ્હી (B) પૂણે (C) ચેન્નાઈ (D) મુંબઈ **(A)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘મેરી માટી મેરા દેશ’ અભિયાન સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો.

1. તે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું હતું.

2. આ અભિયાન અંતર્ગત દેશના વિવિધ ભાગોમાંથી એકત્રિત કરવામાં આવેલી માટીનો ઉપયોગ દિલ્હીમાં કર્તવ્ય પથના કિનારે અમૃત વાટિકા ગાર્ડનને વિકસાવવા માટે કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

5. તાજેતરમાં રાષ્ટ્રીય એકતા દિવસ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નીચેનામાંથી કયું પ્લેટફોર્મ લોન્ચ કર્યુ હતું ?

(A) PM યુવા પ્લેટફોર્મ (B) મેરા યુવા ભારત પ્લેટફોર્મ

(C) મેરી માટી પ્લેટફોર્મ (D) કર્તવ્ય પ્લેટફોર્મ **(B)**

6. તાજેતરમાં કયા પ્રસિદ્ધ ફૂટબોલરે વર્ષ 2023નો બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો છે ?

(A) શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (B) શ્રી લિયોનેલ મેસ્સી

(C) શ્રી લુકા મોડ્રિક (D) શ્રી કેવિન ડી બ્રુની **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 02 નવેમ્બર, International Day to end Impunity for Crimes Against Journalist (પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત દિવસ)

## ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેન : એકતાનગર થી અમદાવાદ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 31 ઓક્ટોબરના રોજ એકતાનગર (કેવડિયા)થી વીડિયો લિંકના માધ્યમથી એકતાનગર અને અમદાવાદ વચ્ચેની ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો.



- સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે વધારાનું આકર્ષણ બની રહેશે.
- મુસાફરોને મુસાફરીનો યાદગાર અનુભવ આપવા માટે ટ્રેન અદ્યતન આંતરિક અને વૈભવી સુવિધાઓથી સજ્જ છે.
- આ ટ્રેનમાં ચાર એસી વિસ્ટાડોમ પ્રકારના કોચનો સમાવેશ થાય છે, જેમાં 144 મુસાફરોની બેઠક ક્ષમતાવાળા ત્રણ એર–કન્ડિશન્ડ એક્ઝિક્યુટિવ ચેર કાર કોચનો સમાવેશ થાય છે.
- આ હેરિટેજ ટ્રેનમાં ઈલેક્ટ્રિક એન્જિન છે પરંતુ તેને લૂક સ્ટીમ લોકોમોટિવ જેવો આપવામાં આવ્યો છે.
- પહેલાના જમાનામાં જેમ ટ્રેન ધુમાડા છોડતી અને સીટી વગાડતી આવતી હતી એ જ રીતે આ ટ્રેન પણ ધૂમાડા છોડશે અને સીટી વગાડશે, જેથી અંદર બેઠેલા મુસાફરોને સ્ટીમ લોકોમોટિવ જેવો અનુભવ થાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SBIએ શ્રી એમ.એસ.ધોનીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા

તાજેતરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)એ સુપ્રસિદ્ધ ક્રિકેટર શ્રી મહેન્દ્ર સિંહ ધોનીને તેના સત્તાવાર બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે.

- શ્રી મહેન્દ્ર સિંહ ધોની હવે SBI માટે વિવિધ માર્કેટિંગ અને પ્રમોશનલ અભિયાનમાં નિર્ણાયક ભૂમિકા નિભાવશે.
- આ વિકાસ SBIની યુવા અને વધુ વૈવિધ્યસભર ગ્રાહક આધાર સાથે જોડવા માટેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.
- SBIની સ્થાપના 1 જુલાઈ, 1955ના રોજ કરવામાં આવી હતી.

## ભારતીય ચૂંટણી પંચે અભિનેતા રાજકુમાર રાવને તેના 'નેશનલ આઈકન' તરીકે નિયુક્ત કર્યા



પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓ અને 2024ની સામાન્ય ચૂંટણીની તૈયારી માટે ભારતીય ચૂંટણી પંચે (EC) અભિનેતા રાજકુમાર રાવને તેના 'નેશનલ આઈકન' તરીકે નિયુક્ત કર્યા છે.

- મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર શ્રી અનુપચંદ્ર પાંડે અને શ્રી અરૂણ ગોયલની હાજરીમાં નવી દિલ્હી ખાતે રાજકુમાર રાવ સાથે ત્રણ વર્ષના સમયગાળા માટે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- શ્રી રાજકુમાર રાવની ચૂંટણી સંબંધિત 'ન્યૂટન' ફિલ્મ ખૂબ પ્રસિદ્ધ બની હતી.
- ન્યૂટન ફિલ્મમાં છત્તીસગઢના નકસલ પ્રભાવિત પ્રદેશોમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનો પ્રયાસ કરતી વખતે તેમણે એક પ્રામાણિક સરકારી અધિકારીનું પાત્ર ભજવ્યું હતું.

## કોઝિકોડ અને ગ્વાલિયરને ક્રિએટિવ સિટીઝની પ્રતિષ્ઠિત યાદીમાં ઉમેરવામાં આવ્યા

સાહિત્ય અને સંગીતમાં તેમના યોગદાનની નોંધપાત્ર માન્યતામાં કેરળના કોઝિકોડ અને મધ્યપ્રદેશમાં ગ્વાલિયરને યુનેસ્કોની ક્રિએટિવ સિટીઝની પ્રતિષ્ઠિત યાદીમાં ઉમેરવામાં આવ્યા છે.

- યુનેસ્કોએ તેના ક્રિએટિવ સિટીઝ નેટવર્કમાં 55 નવા શહેરો ઉમેરવાની જાહેરાત કરી હતી.
- કેરળના કોઝિકોડને 'સાહિત્યના શહેર' તરીકે અને મધ્યપ્રદેશના ગ્વાલિયરને 'સંગીતના શહેર' તરીકે સમાવેશ કર્યો છે.
- આ નવા ઉમેરાઓ સાથે યુનેસ્કો ક્રિએટીવ સિટીઝ નેટવર્કમાં હવે 100 કરતા વધુ દેશોના 350 શહેરોનો સમાવેશ થાય છે.

### સાહિત્યના શહેર તરીકે કોઝિકોડ



યુનેસ્કો દ્વારા 'સાહિત્યની નગરી' અથવા 'સિટી ઓફ લિટરેચર'નું પ્રતિષ્ઠિત બિરુદ મેળવનાર કોઝિકોડ ભારતનું પ્રથમ શહેર છે.

- આ શહેર કેરળ લિટરેચર ફેસ્ટિવલ જેવા વિવિધ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવાનો લાંબો ઈતિહાસ ધરાવે છે.
- કોઝિકોડમાં 500થી વધુ પુસ્તકાલયો હોવાની વિશેષતા છે.

- આ શહેર ઘણા પ્રખ્યાત લેખકોનું ઘર પણ છે, જેમાં એસ.કે.પોટ્ટેટ કટ્ટુ, થિક્કોડિયાન અને પી. વલસાલા સંજયનનો સમાવેશ થાય છે.
- તેમણે મલયાલમ સાહિત્ય અને સંસ્કૃતિની વિવિધતા અને જીવતંતા જાળવવામાં યોગદાન આપ્યું છે.

## સંગીતના શહેર તરીકે ગ્વાલિયર



વર્ષ 2015માં વારાણસી પછી યુનેસ્કો દ્વારા ગ્વાલિયર ભારતનું બીજું શહેર છે જેને 'સંગીતનું શહેર' તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે.

- આ શહેરને વ્યાપકપણે ભારતીય ઈતિહાસના મહાન સંગીતકારો અને સંગીતકારોમાંના એક તાનસેનનું જન્મ સ્થળ માનવામાં આવે છે.
- જે અકબરના 'નવરત્નો'માંના એક હતા.
- આ શહેર તાનસેન મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન કરે છે, તે ભારતના સૌથી મોટા વાર્ષિક સંગીત ઉત્સવોમાંનો એક છે, જે દેશ–વિદેશના હજારો સંગીત પ્રેમીઓ અને કલાકારોને આકર્ષે છે.

## યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્ક (UCCN)

તે વર્ષ 2004માં અસ્તિત્વમાં આવ્યું હતું.

- તેનો ઉદ્દેશ્ય 'શહેરો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાનો છે જે સર્જનાત્મકતાને તેમના શહેરી વિકાસમાં વ્યૂહાત્મક પરિબળ તરીકે ઓળખે છે.'
- નેટવર્ક સાત સર્જનાત્મક ક્ષેત્રોને આવરી લે છે : હસ્તકલા અને લોક કલા, મીડિયા કલા, ફિલ્મ, ડિઝાઈન, ગેસ્ટ્રોનોમી, સાહિત્ય અને સંગીત.

# ભારત અને બાંગ્લાદેશે સંયુક્ત રીતે ત્રણ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન સુશ્રી શેખ હસિનાએ 1 નવેમ્બર, 2023ના રોજ વીડિયો કોન્ફરન્સ દ્વારા સંયુક્ત રીતે ત્રણ મહત્ત્વપૂર્ણ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.



- આ સહયોગી પ્રયાસ બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોને દર્શાવે છે.

## અખૌરા-અગરતલા ક્રોસ બોર્ડર લિંક

આ પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવેલી રૂ.392.52 કરોડની ગ્રાન્ટ સહાય હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે.

- બાંગ્લાદેશમાં 6.78 કિ.મી. લાંબી ડ્યુઅલ ગેજ રેલ લાઈન અને ત્રિપુરામાં 5.46 કિ.મી. લાંબી રેલ લાઈન સાથે આ લિંક રોડની કુલ લંબાઈ 12.24 કિ.મી. છે.
- અગરતલા–અખૌરા ક્રોસ બોર્ડર રેલ લિંક પ્રોજેક્ટ નોંધપાત્ર રીતે ક્રોસ બોર્ડર વેપાર અને કનેક્ટિવિટીને વેગ આપશે.

## ખુલના-મોંગલા પોર્ટ રેલવે લાઈન

બીજો પ્રોજેક્ટ ખુલના–મોંગલા પોર્ટ રેલવે લાઈન છે, જે ભારતની કન્સેશનલ લાઈન ઓફ ક્રેડિટ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યો છે.

- આ પ્રોજેક્ટની કુલ કિંમત 388.92 મિલિયન યુ.એસ. ડોલર છે.
- તેમાં મોંગલા પોર્ટને ખુલનાના હાલના એક નેટવર્ક સાથે જોડતા અંદાજે 65 કિ.મી.ના બ્રોડગેજ રેલ માર્ગના નિર્માણનો સમાવેશ થાય છે.

## મૈત્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ-II

ત્રીજો પ્રોજેક્ટ મૈત્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટનો યુનિટ II છે, જે 1.6 બિલિયન યુ.એસ. ડોલર ભારતીય કન્સેશનલ ફાઈનાન્સિંગ સ્કીમ લોનનો એક ભાગ છે.

- બાંગ્લાદેશના ખુલના ડિવિઝનમાં રામપલ ખાતે સ્થિત આ 1320 મેગાવોટનો સુપર થર્મલ પાવર પ્લાન્ટ ભારતના NTPC લિમિટેડ અને બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ (BPDB) વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- નોંધનીય છે કે યુનિટ-Iનું ઉદ્‌ઘાટન સપ્ટેમ્બર 2022માં કરવામાં આવ્યું હતું.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** યુનાઈટેડ નેશન્સ દ્વારા 'પત્રકારો વિરુદ્ધના ગુના માટે દંડ માફિ સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર **(B)**

**2.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પ્રથમ હેરિટેજ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો. આ ટ્રેન કયા બે સ્ટેશન વચ્ચે દોડશે ?

(A) એકતાનગર થી અમદાવાદ (B) અમદાવાદ થી ગાંધીનગર

(C) ગાંધીનગર થી એકતાનગર (D) ગાંધીનગર થી નડિયાદ **(A)**

**3.** તાજેતરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા તેના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી સચિન તેંડુલકર (B) શ્રી મહેન્દ્રસિંહ ધોની

(C) શ્રી રોહિત શર્મા (D) શ્રી વિરાટ કોહલી **(B)**

**4.** તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચે નીચેના પૈકી કોને 'નેશનલ આઈકન' તરીકે નિયુક્ત કર્યા છે ?

(A) શ્રી રાજકુમાર રાવ (B) શ્રી રણબીર કપુર

(C) સુશ્રી દીપીકા પાદુકોણ (D) સુશ્રી આલિયા ભટ્ટ **(A)**

**5.** તાજેતરમાં કોઝિકોડને યુનેસ્કોની ક્રિએટિવ સિટીઝની પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત શહેર છે ?

(A) તમિલનાડુ (B) મેઘાલય (C) અરૂણાચલ પ્રદેશ (D) કેરળ **(D)**

**6.** તાજેતરમાં ગ્વાલિયરને યુનેસ્કોની ક્રિએટીવ સિટીઝની પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત શહેર છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) હરિયાણા (D) બિહાર **(B)**

**7.** 1. અખૌરા–અગરતલા ક્રોસ બોર્ડર લિંક

2. ખુલના–મોંગલા પોર્ટ રેલવે લાઈન

3. મૈત્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ-II

ભારત અને કયા દેશ વચ્ચે તાજેતરમાં ઉપરોક્ત ત્રણેય પ્રોજેક્ટનું સંયુક્ત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) બાંગ્લાદેશ (B) નેપાળ (C) મ્યાનમાર (D) ભૂટાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 03 નવેમ્બર, આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ ડે

3 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ' દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



- આ દિવસ આપણા પર્યાવરણના સંરક્ષણ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવા માટે બાયોસ્ફિયર રિઝર્વના મુખ્ય મુદ્દાઓને પ્રકાશિત કરે છે.
- યુનેસ્કો દ્વારા સ્થાપિત આ દિવસ સૌપ્રથમ વર્ષ 2022માં ઉજવવામાં આવ્યો હતો.
- બાયોસ્ફિયર રિઝર્વ એ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક લેન્ડસ્કેપ્સના પ્રતિનિધિ ભાગો માટે યુનેસ્કો દ્વારા આંતરરાષ્ટ્રીય હોદ્દો છે જે પાર્થિવ અથવા દરિયાકાંઠાના/દરિયાઈ ઈકોસિસ્ટમ અથવા તેના સંયોજનના વિશાળ વિસ્તાર પર વિસ્તરે છે.
- બાયોસ્ફિયર રિઝર્વ 'ટકાઉ વિકાસ માટે શિખવાના સ્થળો' છે. તે એવા સ્થાનો છે જે વૈશ્વિક પડકારોનો સ્થાનિક ઉકેલ પૂરો પાડે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નોર્વે ઉત્તરાખંડમાં ભારતના 'હંગર પ્રોજેક્ટ'ને મદદ કરશે

નોર્વેએ ઉત્તરાખંડમાં ભારતના 'હંગર પ્રોજેક્ટ'ને સમર્થન આપવા માટે એક મહત્ત્વપૂર્ણ પહેલ શરૂ કરી છે.

- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય મહિલા નેતાઓને સશક્ત બનાવવા, ખાદ્ય સુરક્ષા વધારવા અને પર્યાવરણની રક્ષા કરવાનો છે.
- તે સપ્ટેમ્બર 2026 સુધી ત્રણ વર્ષના સમયગાળા માટે રૂ.44.7 મિલિયન ફાળવી રહ્યું છે.
- હંગર પ્રોજેક્ટ મુખ્યત્વે ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ અને ફેડરેશનની ક્ષમતા નિર્માણ પર કેન્દ્રિત છે.
- આ મહિલાઓ સ્થાનિક શાસનને મજબૂત બનાવવામાં અને બદલામાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા પરિવારો માટે ખાદ્ય સુરક્ષા અને આજીવિકાની તકો સુધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- આ પ્રોજેક્ટ ઉત્તરાખંડમાં ત્રણ જિલ્લા, નવ બ્લોક, 172 પંચાયતો અને 145 વાન અથવા વન પંચાયતોમાં લાગુ કરવામાં આવશે.
- નોંધનીય છે કે ઈન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (IPCC) અનુસાર ઉત્તરાખંડ ખાસ કરીને ક્લાઈમેટ ચેન્જ માટે સંવેદનશીલ છે.

## દક્ષિણ-પૂર્વ એશિયા માટે WHO પ્રાદેશિક સમિતિનું 76મું સત્ર

દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્ર માટે WHO પ્રાદેશિક સમિતિનું 76મું સત્ર નવી દિલ્હીમાં યોજાયું હતું.

- નવી દિલ્હીમાં દક્ષિણ–પૂર્વ એશિયા માટે WHO પ્રાદેશિક સમિતિના 76મા સત્રમાં મંત્રી સ્તરીય રાઉન્ડ ટેબલ દરમિયાન સાર્વત્રિક આરોગ્ય કવરેજ હાંસલ કરવા માટે પ્રાથમિક આરોગ્ય સંભાળ (PHC)માં રોકાણ પર સૌથી વધુ સમાવેશક, સમાન અને ખર્ચ–અસરકારક માર્ગ તરીકે ભાર મૂકવામાં આવ્યો હતો.
- સાર્વત્રિક આરોગ્ય કવરેજ હાંસલ કરવા માટેના મુખ્ય તત્ત્વ તરીકે પ્રાથમિક આરોગ્ય સંભાળને મજબૂત કરવા માટેની બેઠકમાં દિલ્હી ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- 76મા સત્રના સર્વાનુમતે ચૂંટાયેલા અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે ''સ્વાસ્થ્ય એ અંતિમ સંપત્તિ છે અને સારી તંદુરસ્તીથી દરેક કાર્ય પૂર્ણ કરી શકાય છે.''
- 'અંત્યોદય' (કોઈને પાછળ ન છોડવાનો સિદ્ધાંત)ના ભારત સરકારના વિઝનને પુનઃસમર્થન આપતા એવું કહેવામાં આવ્યું હતું કે ભારતની મજબૂત આરોગ્ય પ્રણાલી આવશ્યક આરોગ્ય સેવાઓ અને આરોગ્ય પ્રણાલીને મહામારી પહેલાના સ્તરે સુધારવાના લક્ષ્ય સાથે 'સંપૂર્ણ સરકાર' અને 'સમગ્ર સમાજ'ના દષ્ટિકોણ પર આધાર રાખે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુશ્રી સાયમા વાઝેદ દક્ષિણ-પૂર્વ એશિયા માટે WHOના પ્રાદેશિક નિર્દેશક તરીકે ચૂંટાયા



બાંગ્લાદેશના શ્રીમતી સાયમા વાઝેદ દક્ષિણ–પૂર્વ એશિયા માટે WHO પ્રાદેશિક સમિતિના 76મા સત્ર દરમિયાન વિશ્વ આરોગ્ય સંસ્થાના દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્ર માટે પ્રાદેશિક નિયામક તરીકે ચૂંટાયા હતા.

- દક્ષિણ–પૂર્વ એશિયા માટેની પ્રાદેશિક સમિતિ એ આ ક્ષેત્રમાં WHOનું સંચાલક મંડળ છે.
- WHOના દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં 11 સભ્ય દેશો છે.
- જેમાં બાંગ્લાદેશ, ભૂટાન, ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયા, ભારત, ઈન્ડોનેશિયા, માલદીવ્સ, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા, થાઈલેન્ડ અને તિમોર–લેસ્ટેનો સમાવેશ થાય છે.
- આ તમામ દેશોમાં WHOનું કાર્યાલય છે.
- WHO દક્ષિણ–પૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલયનું મુખ્ય મથક ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલું છે.
- નોંધનીય છે કે શ્રીમતી સાયમા વાઝેદ બાંગ્લાદેશના વર્તમાન વડાપ્રધાન શ્રીમતી શેખ હસિનાના પુત્રી છે.

| | | |
|---|---|---|
| **1.** | કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય બાયોસ્ફિયર રિઝર્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?<br>**(A)** 3 નવેમ્બર **(B)** 4 નવેમ્બર **(C)** 5 નવેમ્બર **(D)** 6 નવેમ્બર | **(A)** |
| **2.** | તાજેતરના એક અહેવાલ મુજબ કયો દેશ ઉત્તરાખંડમાં ભારતના 'હંગર પ્રોજેક્ટ'ને મદદ કરશે ?<br>**(A)** જાપાન **(B)** નોર્વે **(C)** સ્વીડન **(D)** આઈસલેન્ડ | **(B)** |
| **3.** | દક્ષિણ–પૂર્વ એશિયા માટે WHO પ્રાદેશિક સમિતિનું 76મું સત્ર તાજેતરમાં ભારતના કયા શહેરમાં યોજાયું હતું ?<br>**(A)** નવી દિલ્હી **(B)** ગાંધીનગર **(C)** મુંબઈ **(D)** શ્રીનગર | **(A)** |
| **4.** | તાજેતરમાં નીચેનામાંથી કોણ દક્ષિણ–પૂર્વ એશિયા માટે WHOના પ્રાદેશિક નિયામક તરીકે ચૂંટાયા છે ?<br>**(A)** શ્રીમતી શેખ હસિના **(B)** શ્રી લોટે શેરિંગ<br>**(C)** શ્રી પુષ્પ કમલ દહલ **(D)** શ્રીમતી સાયમા વાઝેદ | **(D)** |
| **5.** | નીચેના વિધાન પર વિચાર કરો :<br>1. WHOના દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં 11 સભ્ય દેશો છે.<br>2. WHO દક્ષિણ–પૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલયનું મુખ્ય મથક ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલું છે.<br>ઉપરોક્ત વિધાનોમાંથી કયું વિધાન સાચું છે.<br>**(A)** માત્ર 1 **(B)** માત્ર 2<br>**(C)** 1 અને 2 બંને સાચા **(D)** 1 અને 2 બંને ખોટા | **(C)** |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય વાયુ સેના (IAF)એ ચીન અને પાકિસ્તાનની સરહદ પર S-400 મિસાઈલ સ્ક્વોડ્રન તૈનાત કરી



ભારતીય વાયુસેનાએ તેની સંરક્ષણ ક્ષમતાઓને વધારવાના એક મહત્ત્વપૂર્ણ પગલામાં ચીન અને પાકિસ્તાન સાથેની તેની સરહદો પર ત્રણ S-400 એર ડિફેન્સ મિસાઈલ સ્ક્વોડ્રન તૈનાત કર્યા છે.

- આ વ્યૂહાત્મક તૈનાતી ભારતની રાષ્ટ્રીય સુરક્ષાને વધારવામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.
- બાકીના બે S-400 મિસાઈલ સ્ક્વોડ્રન માટે ડિલિવરી શેડ્યુલને અંતિમ સ્વરૂપ આપવા માટે ભારતીય અને રશિયન અધિકારીઓ ટૂંક સમયમાં મળવાના છે.

### S-400 મિસાઈલ સિસ્ટમ અંગે કરાર

ઓક્ટોબર 2018માં ભારત અને રશિયા વચ્ચે S-400 મિસાઈલ સિસ્ટમ અંગે કરાર થયો હતો.

- આ કરાર અંતર્ગત ભારત રશિયા પાસેથી 5.43 બિલિયન અમેરિકન ડોલર (આશરે રૂ.40,000 કરોડ)ના ખર્ચે પાંચ S-400 Triumf Surface-to-Air Missile સ્ક્વોડ્રન ખરીદશે.
- જેમાંથી ત્રીજી રેજિમેન્ટની ડિલિવરી તાજેતરમાં પૂર્ણ થઈ છે. તથા 5ની રેજિમેન્ટની ડિલિવરી 2023ના અંત સુધીમાં અથવા 2024ની શરૂઆતમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.
- ભારતની સુરક્ષા માટે આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ અગત્યની છે.
- આ અગાઉ ચીને પણ રશિયા પાસેથી આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદી છે. આથી ચીન અને પાકિસ્તાન સામેના સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે ભારત માટે આ મિસાઈલ સિસ્ટમ ખૂબ જ મહત્ત્વની છે.
- દુશ્મન દેશોના મિસાઈલ હુમલાથી રક્ષણ કરવા માટે તથા દુશ્મન દેશ પર મિસાઈલથી હુમલો કરવા માટે એમ બંને હેતુ માટે આ એડવાન્સ મિસાઈલ સિસ્ટમ ખૂબ જ ઉપયોગી છે.
- જ્યારે કોઈ દુશ્મન દેશ મિસાઈલ છોડે ત્યારે આ મિસાઈલ સિસ્ટમ તેને ડિટેક્ટ પણ કરી શકે છે અને તોડી પણ શકે છે.

### S-400 મિસાઈલ સિસ્ટમની વિશેષતાઓ

S-400 મિસાઈલ સિસ્ટમનું નામ 'S-400 Triumf' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નાટો દેશોમાં તે 'SA-21 Growler' તરીકે ઓળખાય છે.
- અગાઉ તે 'S-300 PMU 3' તરીકે ઓળખાતી હતી.
- S-400 Triumf એ રશિયાની સૌથી આધુનિક Anti-Aircraft Weapon System છે.
- જમીન પરથી હવામાં પ્રહાર કરતી આ મિસાઈલ સિસ્ટમ દુશ્મનના ક્રૂઝ, એરક્રાફ્ટ અને બેલેસ્ટિક મિસાઈલો તોડી પાડવા સક્ષમ છે.
- તેની પ્રહાર ક્ષમતા 400 કિ.મી. સુધીની છે.
- S-400નું નિર્માણ 1999માં રશિયાના Almaz Design Bureau દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સિસ્ટમની ડિઝાઈનર કંપનીનું નામ Almaz-Antey છે.
- આ સિસ્ટમને 28 એપ્રિલ, 2007થી રશિયન સૈન્યમાં સામેલ કરવામાં આવી હતી.

## ભારત અને રશિયાના આંતરરાષ્ટ્રીય સંબંધો તથા આ ડીલની ભારત-અમેરિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો પર અસર

ભારતની આઝાદી બાદ કોલ્ડવોરના સમયથી ભારત અને રશિયા વચ્ચેના સંબંધો ખૂબ જ સારા રહ્યા છે.

- પરંપરાગત રીતે મુખ્ય પાંચ બાબતોમાં ભારત અને રશિયા વ્યૂહાત્મક ભાગીદાર છે. આ પાંચ ઘટકોમાં પોલિટીક્સ, સંરક્ષણ, નાગરિક અણુ ઊર્જા, આતંકવાદ વિરોધી સહકાર અને અવકાશનો સમાવેશ થાય છે.
- થોડા સમય પહેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રશિયાને ‘ભારતનો વિશેષાધિકાર ધરાવતો વ્યૂહાત્મક ભાગીદાર દેશ’ ગણાવ્યો હતો.
- ભારત અને રશિયા વચ્ચેની મિત્રતા પ્રગાઢ અને સુદૃઢ છે.
- જ્યારે બીજી બાજુ અમેરિકા અને રશિયા એકબીજાના દુશ્મન દેશો છે.
- રશિયાના અર્થતંત્રમાં સંરક્ષણ ઉદ્યોગનો હિસ્સો ખૂબ જ મોટો છે.
- સમગ્ર વિશ્વમાં શસ્ત્રોની નિકાસમાં રશિયા અમેરિકા બાદ બીજા ક્રમે છે.
- આથી, અમેરિકાએ રશિયાની શસ્ત્રોની નિકાસ ઘટાડવા માટે વિશ્વના ભારત સહિતના દેશોને રશિયા પાસેથી શસ્ત્રો ન ખરીદવા માટે ચેતવણી આપી હતી.
- આમ છતાં ભારતે રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે કરાર કર્યા હતા.
- આ ઉપરાંત આ અગાઉ અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધ મૂકીને ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરવા ભારત સહિત વિશ્વના દેશોને ધમકી આપી હતી.

- આમ છતાં ભારતે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનો કરાર કર્યો હતો અને ભારતે અમેરિકન ડોલરને બદલે રૂપિયામાં પેમેન્ટ કરવાની દિશામાં પણ પગલું લીધું હતું.
- ભારત સરકારનો આ નિર્ણય વિશ્વ રાજકરણમાં ભારતની વધતી તાકાતનો પરિચય છે.
- વર્તમાન સમયે ભારત શસ્ત્રોની સૌથી વધુ આયાત રશિયા પાસેથી જ કરે છે.
- રશિયા બાદ અમેરિકા બીજા ક્રમે છે.
- પોતાની સંરક્ષણ જરૂરિયાતો પૂરી કરવા વર્તમાન સમયે ભારત માટે રશિયાની S-400 ડિફેન્સ સિસ્ટમ ખરીદવી ફક્ત આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય પણ છે.
- બીજી બાજુ અમેરિકા ભારતનો મિત્ર દેશ છે.
- એશિયા અને સમગ્ર વિશ્વમાં ચીનની વધતી જતી તાકાતનો સામનો કરવા માટે ભારત સિવાય બીજો કોઈ શ્રેષ્ઠ વિકલ્પ નથી.

## વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023




તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના પ્રગતિ મેદાનના ભારત મંડપમ ખાતે 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023'ની બીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

- ઉદ્‌ઘાટન દરમિયાન વડાપ્રધાનશ્રીએ આ જૂથોને મજબૂત કરવા માટે સ્વ–સહાય જૂથો (SHG)ના એક લાખથી વધુ સભ્યોને બીજ મૂડી સહાય પણ આપી હતી.
- શ્રેષ્ઠ પેકેજિંગ અને ઉચ્ચ–ગુણવત્તાવાળા ઉત્પાદન દ્વારા ચિહ્નિત થયેલ આ સ્પોર્ટનો ઉદ્દેશ્ય સ્વ–સહાય જૂથોને બજારમાં વધુ સારી કિંમતો મેળવવા માટે સક્ષમ બનાવવાનો છે.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023ના ભાગરૂપે ફૂડ સ્ટ્રીટનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- આ અનોખી વિશેષતા પ્રાદેશિક વાનગીઓ અને ભારતના સમૃદ્ધ રાંધણ વારસાને પ્રદર્શિત કરશે.
- ઈવેન્ટનો પ્રાથમિક ઉદ્દેશ્ય 2023ને બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ઉજવવાની સાથે ભારતને 'વિશ્વની ફૂડ બાસ્કેટ' તરીકે રજૂ કરવાનો છે.
- તે સરકારી સંસ્થાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, ખેડૂતો, ઉદ્યોગસાહસિકો અને હિતધારકોને ચર્ચામાં જોડાવા, ભાગીદારી રચવા અને કૃષિ–ખાદ્ય ક્ષેત્રમાં રોકાણની તકો શોધવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- અગ્રણી ફૂડ પ્રોસેસિંગ કંપનીના CEO સહિત 80 થી વધુ દેશો આ ઈવેન્ટમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** તાજેતરમાં ચર્ચામાં રહેલ S-400 શું છે ?

(A) Aircraft (B) Missile

(C) Anti-aircraft weapon system (D) એકપણ નહીં **(C)**

**2.** ઓક્ટોબર 2018માં ભારત અને રશિયા વચ્ચે કઈ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે કરાર થયા હતા ?

(A) S-400 Triumf (B) S-400 Air (C) S-400 Trumpt (D) S-400 Traind **(A)**

**3.** S-400ની પ્રહાર ક્ષમતા કયા પ્રકારની છે ?

(A) Surface to Surface (જમીન થી જમીન) (B) Surface to Air (જમીન થી હવા)

(C) Air to Air (હવા થી હવા) (D) Air to Surface (હવા થી જમીન) **(B)**

**4.** તાજેતરમાં 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023'ની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયાં કર્યુ હતું ?

(A) મુંબઈ (B) જયપુર (C) રાયપુર (D) નવી દિલ્હી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2035 સુધીમાં સ્પેસ સ્ટેશન અને 2040 સુધીમાં ચંદ્ર પર સમાનવ મિશનના આપેલા લક્ષ્યાંકમાં ગુજરાત યોગદાન આપવા સજ્જ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચંદ્રયાન-3ની સફળતા પછી ભારતને અવકાશ ક્ષેત્રમાં નવી ઊંચાઈએ પહોંચાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ હેતુસર વડાપ્રધાનશ્રીએ 2035 સુધીમાં સ્પેસ સ્ટેશન અને 2040 સુધીમાં ચંદ્ર પર સમાનવ મિશનનો લક્ષ્યાંક રાખ્યો છે. આ લક્ષ્યાંકમાં પોતાનું યોગદાન આપવાની સજ્જતા કેળવવા માટે મહત્ત્વપૂર્ણ MoU કર્યો છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસની સ્વાયત્ત એજન્સી ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર ઈન–સ્પેસ અને ગુજરાત સરકાર વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં MoU કરવામાં આવ્યા છે. તદઅનુસાર અમદાવાદના બોપાલમાં તેનું હેડ ક્વાર્ટર ધરાવતી ઈન–સ્પેસ સાણંદમાં સ્પેસ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરની સ્થાપના કરવાનું છે.

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નૂર પરિવહન માટે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના નવા વિભાગનું ઉદ્દ્ઘાટન કર્યુ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (DFC)ના 77 કિલોમીટરના નવા ભાંડૂ–ન્યૂ સાણદ વિભાગને રાષ્ટ્રને સમર્પિત કર્યો છે. તે આ પ્રદેશમાં બંદરો અને ઉત્પાદન કેન્દ્રો પર અને ત્યાંથી માલસામાનના પરિવહનને વેગ આપવા માટે સુયોજિત છે. વધુમાં પેસેન્જર રેલ રૂટમાંથી ફ્રેઈટ કોરિડોરમાં સાઠ માલવાહક ટ્રેનો ખસેડવાથી પેસેન્જર ટ્રેનોની અવરજવરને વેગ મળ્યો છે. DFCનો આ નવો વિભાગ પીપાવાવ, પોરબંદર અને જામનગર સહિતના ગુજરાતના મુખ્ય બંદરો સાથે જોડાણમાં નોંધપાત્ર વધારો કરે છે. વધુમાં નવા વિભાગે વિરમગામ, જાખવાડા, દેત્રોઝ, લિંચ અને જામનગર વિસ્તારમાં ફ્રેટ લોડીંગ કેન્દ્રો જેવા મહત્ત્વના ફ્રેઈટ ટર્મિનલ સાથે જોડાણને વેગ આપ્યો છે. નવો વિભાગ આણંદ ખાતે ડેરી ઉદ્યોગ, જામનગરમાં ઓઈલ રિફાઈનરી અને દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરને પણ લિંક પૂરી પાડે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત

➤ **મશરૂમની નવી પ્રજાતિ : કેન્ડોલોમીસીસ આલ્બોસ્કવોમોસસ**



તાજેતરમાં જવાહરલાલ નહેરુ ટ્રોપિકલ બોટનિકલ ગાર્ડન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (JNTBGRI)એ કેરળના પશ્ચિમ ઘાટમાં જોવા મળેલી મશરૂમની નવી ઓળખાયેલી પ્રજાતિ કેન્ડોલોમીસીસ આલ્બોસ્કવોમોસસ જાહેર કરી છે. આ મશરૂમ એક આકર્ષક મધ જેવી પીળી ‘ટોપી’ દર્શાવે છે. જેમાં વિશિષ્ટ સફેદ ઊની સ્કેલ જેવી રચનાઓ છે. તે કુદરતી વન નિવાસસ્થાનમાં મૃત (સૂકા) લાકડા અને વાંસના ઢગલા પર ઉગે છે.

➤ **અભ્યાસ Kazind - 2023**

ભારતીય સેના અને ભારતીય વાયુસેનાની ટુકડી સંયુક્ત સૈન્ય કવાયત Kazind-2023ની 7મી આવૃત્તિમાં ભાગ લેવા માટે કઝાકિસ્તાન જવા રવાના થઈ છે. આ સૈન્ય અભ્યાસ કઝાકિસ્તાનના ઓતારમાં 30 ઓક્ટોબરથી 11 નવેમ્બર, 2023 દરમિયાન કરવામાં આવશે. ભારત અને કઝાકિસ્તાન વચ્ચેની સંયુક્ત કવાયતની શરૂઆત વર્ષ 2016માં ‘અભ્યાસ પ્રબલ દોસ્તી’તરીકે કરવામાં આવી હતી. બીજી આવૃત્તિ પછી કવાયતને કંપની સ્તરની કવાયતમાં અપગ્રેડ કરવામાં આવી અને તેનું નામ બદલીને ‘અભ્યાસ કાઝિંદ’ રાખવામાં આવ્યું. આ વર્ષે વાયુસેનાને સામેલ કરીને આ કવાયતને દ્વિસેવા કવાયત તરીકે અપગ્રેડ કરવામાં આવી છે. કવાયતની આ આવૃત્તિમાં બંને સૈન્ય પક્ષો યુએનના આદેશ હેઠળ પેટા–ઔપચારિક વાતાવરણમાં આંતકવાદ વિરોધી કામગીરી હાથ ધરવાની પ્રેક્ટિસ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **યુરોપિય યુનિયન અને ભારતની પ્રથમ સંયુક્ત નૌકા કવાયત**

ભારત અને યુરોપિયન યુનિયન (EU)એ નૌકાદળના દરિયાઈ સુરક્ષા સહયોગને વધારવા માટે ગિનીના અખાતમાં સહયોગ કર્યો હતો. યુરોપિય યુનિયન–ભારત મેરિટાઈમ સિક્યુરિટી ડાયલોગ પછી આ તેમની સંયુક્ત નૌકા કવાયત હતી. કવાયત દરમિયાન ભારતીય નૌકાદળના INS સુમેધાએ ઈટાલી, ફ્રાન્સ અને સ્પેનના જહાજો સાથે ઘાનાના દરિયાકાંઠે બોર્ડિંગ અને ફ્લાઈંગ એક્સરસાઈઝ સહિત વ્યૂહાત્મક દાવપેચ હાથ ધર્યા હતા. આ પ્રયાસોએ ગિનીના અખાતમાં દરિયાઈ સુરક્ષા વધારવા, દરિયાકાંઠાના રાજ્યોને ટેકો આપવા અને યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લૉ ઓફ સી (UNCLOS)ને સમર્થન આપવા ભારત અને EUની સંયુક્ત પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

➤ **ભારતીય નેવીએ DSC A D 21 લોન્ચ કર્યુ**

ભારતીય નૌકાદળે 30 ઓક્ટોબર, 2023ના રોજ ડાઈવિંગ સપોર્ટ ક્રાફ્ટ (DSC) પ્રોજેક્ટના બીજા જહાજ DSC A21ના લોન્ચિંગ સાથે એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હ્ હાંસલ કર્યુ છે. આ પ્રયાસ મેસર્સ ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ (TRSL) સાથે સહયોગ કર્યો છે, જેનું મુખ્યમથક પશ્ચિમ બંગાળના કોલકાતામાં છે. અને તે ભારતની દરિયાઈ ક્ષમતાઓ માટે નોંધપાત્ર વિકાસનું પ્રતિનિધિત્વ કરે છે. આ ડાઈવિંગ સ્પોર્ટ ક્રાફ્ટ (DSC) બંદર અને દરિયાકાંઠાના પાણીમાં ડાઈવિંગ કામગીરી માટે બનાવવામાં આવેલ છે. અત્યાધુનિક ડાઈવિંગ સાધનોથી સજ્જ તેઓ ભારતીય નૌકાદળની પાણીની અંદરની ક્ષમતાઓને વધારવામાં નિમિત્ત સાબિત થશે. નોંધનીય છે કે સંરક્ષણ મંત્રાલય અને TRSL વચ્ચે 12 ફેબ્રુઆરી, 2021ના રોજ DSCના નિર્માણ માટેનો ઔપચારિક કરાર કરવામાં આવ્યો હતો.

➤ **હાઈપરટેન્શન સંભાળમાં અસમાનતા**

એઈમ્સ દિલ્હી દ્વારા યુરોપ અને યુ.એસ.ના વૈજ્ઞાનિકો સાથે મળીને હાથ ધરવામાં આવેલા એક વ્યાપક અભ્યાસમાં ભારતમાં જિલ્લા સ્તરે હાઈપરટેન્શનની સંભાળમાં નોંધપાત્ર ફેરફારોને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ ગ્રાઉન્ડબ્રેકિંગ અભ્યાસ હાઈ બ્લડ પ્રેશર સામે લડવા માટે લક્ષિત અભિગમની તાત્કાલિક જરૂરિયાતને રેખાંકિત કરે છે, જેને ઘણીવાર 'મૂક હત્યારા' અથવા 'સાયલન્ટ કિલર' કહેવામાં આવે છે. અભ્યાસમાં ભારતના 707 જિલ્લાઓમાં લગભગ 1.7 મિલિયન ઉત્તરદાતાઓના ડેટાની તપાસ કરવામાં આવી હતી. જોકે ત્રણમાંથી માત્ર એક જ વ્યક્તિ નિદાન દ્વારા તેમની સ્થિતિથી વાકેફ થયો હતો પાંચમાંથી એક વ્યક્તિએ સારવાર લીધી અને માત્ર બારમાંથી એક વ્યક્તિએ તેમના બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખ્યું હતું. અભ્યાસમાં બ્લડ પ્રેશર નિદાન (શ્રેણી : 6.3%-77.5%), સારવાર (શ્રેણી : 8.7%-97.1%) અને નિયંત્રણ (શ્રેણી : 2.7%-76.6%)ના સંદર્ભમાં સમગ્ર જિલ્લાઓમાં નોંધપાત્ર ભિન્નતા જોવા મળે છે. WHOના અહેવાલ મુજબ ભારતમાં 188.3 મિલિયન લોકો હાયપરટેન્શનથી પીડાય છે. અભ્યાસમાં ભાર મૂકવામાં આવ્યો છે કે જો બ્લડ પ્રેશર નિયંત્રણ દરમાં સુધારો થાય તો હાયપરટેન્શનને સંબોધવાથી ભારતમાં 2040 સુધીમાં ઓછામાં ઓછા 4.6 મિલિયન મૃત્યુને અટકાવી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **બન્ની ફેસ્ટિવલ**



તાજેતરમાં આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લાના દેવરાગટ્ટુમાં પરંપરાગત બન્ની ઉત્સવ દરમિયાન ત્રણ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો અને અસંખ્ય લોકો ઘાયલ થયા હતા. બન્ની ફેસ્ટિવલ પરંપરાગત લાકડી લડાઈ છે. તે દર વર્ષે દશેરાની રાત્રે ઉજવવામાં આવે છે. આ તહેવાર વિજનગર સામ્રાજ્ય હેઠળના લોકો દ્વારા ઉજવવામાં આવતો હતો. આ લડાઈનો મૂળ વિચાર સરઘસની મૂર્તિ કબજે કરવાનો છે. ધાર્મિક વિધિ મધ્યરાત્રીએ થાય છે જ્યારે શાસક દેવતાઓ માલમ્મા (માતા પાર્વતી) અને મલ્લેશ્વર સ્વામી (શિવ)ની સરઘસની મૂર્તિઓને નેરાનિકી પહાડી મંદિરથી નીચે લાવવામાં આવે છે. માથા પર લાકડીઓ વડે એકબીજાને મારવા માટે ભક્તો તેમની સાથે લાંબી લાકડીઓ અથવા લાઠીઓ રાખે છે.

➤ **'રેફરન્સ' પેટ્રોલ અને ડીઝલનું ઉત્પાદન**



ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)એ ભારતમાં પ્રથમ વિશિષ્ટ 'રેફરન્સ' પેટ્રોલ અને ડીઝલનું ઉત્પાદન કરીને નોંધપાત્ર સીમાચિન્હ હાંસલ કર્યુ છે. આ ઈંધણ ઉચ્ચ વિશિષ્ટતાઓ ધરાવવા માટે રચાયેલ છે, જે ઓટોમોબાઈલ ઉત્પાદકો અને ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમિવ ટેક્નોલોજી (ICAT) અને ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા જેવી પરીક્ષણ એજન્સીઓ દ્વારા વાહનોના માપાંકન અને પરીક્ષણ માટે નિર્ણાયક છે. તેમાં નિયમિત અથવા પ્રીમિયમ ઈંધણ કરતા ઉચ્ચ વિશિષ્ટતાઓ છે. તેમાં સીટેન નંબર, ફ્લેશ પોઈન્ટ, સ્નિગ્ધતા, સલ્ફર અને પાણીની સામગ્રી, હાઈડ્રોજન શુદ્ધતા અને એસિડ નંબર જેવા વિવિધ વિશિષ્ટતાઓનો સમાવેશ થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **રોડ એક્સિડન્ટ્સ ઈન ઈન્ડિયા - 2022 રિપોર્ટ**

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે તાજેતરમાં તેનો 'રોડ એક્સિડન્ટ્સ ઈન ઈન્ડિયા 2022' વાર્ષિક અહેવાલ જાહેર કર્યો છે. રિપોર્ટમાં કેલેન્ડર વર્ષ 2022 દરમિયાન ભારતમાં માર્ગ અકસ્માતોમાં ચિંતાજનક વધારો દર્શાવવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર 2022 દરમિયાન ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ 4,61,312 માર્ગ અકસ્માતો નોંધાયા હતા. આ અકસ્માતોમાં 1,68,491 વ્યક્તિઓના દુઃખદ મૃત્યુ અને 4,43,366 વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. આ આંકડા અગાઉના વર્ષની સરખામણીમાં અકસ્માતોમાં 11.9%, જાનહાનિમાં 9.4% અને ઈજાઓમાં 15.3%નો ચિંતાજનક વધારો દર્શાવે છે.

➤ **ઉત્તરાખંડ સરકારે રાજાજી ટાઈગર રિઝર્વ કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપના કરી**

ઉત્તરાખંડ સરકારે ટાઈગર રિઝર્વમાં અને તેની આસપાસના પર્યાવરણીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે રાજાજી ટાઈગર રિઝર્વ કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ્ય વન સંસાધનો પર તેમની અવલંબન ઘટાડીને સ્થાનિક સમુદાયોને વૈકલ્પિક આજીવિકાની તકો પૂરી પાડવાનો છે. ફાઉન્ડેશન આ વિસ્તારમાં ઈકો–ટૂરિઝમને પ્રોત્સાહન આપશે. માનવ–વન્યજીવન સંઘર્ષને સંબોધિત કરવું એ પ્રાથમિકતા હશે, જેનો મુખ્ય ઉદ્દેશ વન્યજીવો અને સ્થાનિક રહેવાસીઓ બંનેની સલામતી અને સુખાકારીની ખાતરી કરવાનો છે.

## વિશ્વ

➤ **2023 તુર્કી-સીરિયા ભૂકંપના કારણો**



સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલ તાજેતરનો અભ્યાસ ફેબ્રુઆરી 2023માં તુર્કી અને સીરિયામાં આવેલા વિનાશક ભૂકંપ પર પ્રકાશ પાડે છે. આ ધરતીકંપો તેમના અભૂતપૂર્વ સ્કેલ અને વિનાશ સાથે ભૂસ્તરશાસ્ત્રીય દળોના જટિલ આંતરપ્રક્રિયા પર સઘન ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. પૃથ્વીના પોપડાને ભૌગોલિક પ્લેટોમાં વિભાજીત કરવામાં આવે છે, જ્યાં અથડામણ, વિભાજન અથવા સ્લિપ જેવી ક્રિયાપ્રતિક્રિયાઓ ફોલ્ટ રેખાઓ બનાવે છે. 700 કિ.મી. અને 1500 કિ.મી. તુર્કીના ભૂકંપમાં પૂર્વ અને ઉત્તર એનાટોલિયન ફોલ્ટ લાઈનોએ મૂળભૂત ભૂમિકાઓ ભજવી હતી. ધરતીકંપ દરમિયાન ફોલ્ટ લાઈન્સ સિસ્મિક કાસ્કેડ દ્વારા વિક્ષેપિત થાય છે, જેના કારણે ધાર્યા કરતા ઘણું મોટું નુકસાન થયું હતું. આ તારણો ધરતીકંપની ઘટનાઓની અણધારી પ્રકૃતિને રેખાંકિત કરે છે અને ભૂકંપ– સંભવિત વિસ્તારોમાં આપત્તિને રોકવા માટે બિલ્ડિંગ કોડ લાગુ કરવામાં ખામીઓ દર્શાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)એ નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) સબ્સ્ક્રાઈબ માટે ફરજિયાત _____ વેરિફિકેશનની રજૂઆત કરી છે જેથી ઉપાડ દરમિયાન સમયસર ફંડ ટ્રાન્સફર થાય.
– પેની ડ્રોપ

2. 'બન્ની ઉત્સવ' જે તાજેતરમાં સમાચારમાં જોવા મળ્યો હતો. આ તહેવાર કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ?
– આંધ્રપ્રદેશ

3. યુરોપિયન યુનિયન અને ભારતે તેમની પ્રથમ સંયુક્ત નૌકા કવાયત કયા સ્થળે હાથ ધરી હતી ? – ગિનીનો અખાત

4. ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ કર્મચારીઓને કયા દેશની અદાલતે મૃત્યુદંડની સજા ફટકારી છે ? – કતાર

5. તાજેતરમાં કયા રાજ્યએ 'અબુઆ આવાસ યોજના' શરૂ કરી છે ? – ઝારખંડ

6. 37મી નેશનલ ગેમ્સનું ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ _____ ના મડગાંવમાં સ્થિત પંડિત જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
– ગોવા

7. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ચંદ્ર અનુમાન કરતા લગભગ _____ વર્ષ જૂનો છે. – 40 મિલિયન
(એપોલો 17 મિશનના ભાગરૂપે 1972માં એકત્રિત ચંદ્રની ધૂળ પર આધારિત આ શોધ સૌરમંડળના ઈતિહાસ વિશેની આપણી સમજને વધારે છે.)

8. તાજેતરમાં _____ હેલિકોપ્ટર પર માઉન્ટ થયેલ 70mm અને 20mm ગનનું પ્રથમ ફાયરિંગ કર્યુ હતું.
– LCH પ્રચંડ

9. દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં _____ વર્ષોમાં છઠ્ઠા સૌથી સુકા ઓક્ટોબરનો સામનો કર્યો છે. – 123

10. ગોવા હાઈકોર્ટે તાજેતરમાં _____ અભ્યારણ્યમાં વાઘ અનામતની સ્થાપના કરવાનો આદેશ આપ્યો છે.
– મ્હાદેઈ વન્યજીવ અભ્યારણ્ય

11. તાજેતરમાં _____ ના સંશોધકોએ અજોડ કાર્યક્ષમતા સાથે સૂર્યપ્રકાશને ગરમીમાં રૂપાંતરિત કરવામાં સક્ષમ કાર્બન નેનોફ્લોરાઈડ બનાવ્યું છે.
– IIT બોમ્બે

12. તાજેતરમાં ગોવા મેરીટાઈમ કોન્ફરન્સ (GMC) 2023ની ચોથી આવૃત્તિનું આયોજન ભારતીય નૌકાદળ દ્વારા _____ ના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું.
– નેવલ વોર કોલેજ, ગોવા

13. 'ઓપરેશન સેશા' જે તાજેતરમાં શરૂ કરવામાં આવ્યું હતું. તેનો હેતુ _____ ના ગેરકાયદેસર વેપારને રોકવાનો છે.
– ટીમ્બર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. તાજેતરમાં અવસાન પામેલ સલીમુલ હક કયા વ્યવસાય સાથે સંકળાયેલ હતા ? – ક્લાઈમેટ ચેન્જ એક્સપર્ટ

15. ભારતનું સૌપ્રથમ લવંડર ફાર્મ કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં બનાવવામાં આવી રહ્યું છે ? – જમ્મુ અને કાશ્મીર

16. ભારતની લાંબા અંતરની એર ડિફેન્સ સિસ્ટમ પ્રોજેક્ટ 'પ્રોજેક્ટ કુશા' કઈ સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે ? – DRDO

17. કઈ સંસ્થાને 'વિઝન ઈન્ડિયા @ 2047' યોજના તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું ? – નીતિ આયોગ

18. તાજેતરમાં સમાચારમાં રહેતા મનૌસ કયા દેશનું શહેર છે ? – બ્રાઝિલ

19. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશે રખડતા કુતરાઓની વસતીની સંપૂર્ણ નસબંધી અને રસીકરણ કરી એક માઈલસ્ટોન હાંસલ કર્યો છે ? – ભૂટાન

20. તાજેતરમાં શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં NCELનો લોગો, વેબસાઈટ અને બ્રોશર લોન્ચ કર્યો હતો. આ NCELનું પૂરું નામ જણાવો. – નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટર્સ લિમિટેડ

21. 54માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) _____ માં 20 નવેમ્બરથી 28 નવેમ્બર સુધી યોજાશે. – ગોવા

22. રોબર્ટ ફિકો કયા દેશના નવા વડાપ્રધાન બનશે ? – સ્લોવાકિયા

23. તાજેતરમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ ભારતમાં મહિલા કર્મચારીઓની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જે 2022-23 નાણાકીય વર્ષમાં _____% સુધી પહોંચ્યો હતો જે 2017-18માં નોંધાયેલા 23% કરતા વધુ છે. – 37%

24. FATFએ તાજેતરમાં કેમેન ટાપુઓને તેની _____ યાદીમાંથી હટાવ્યા. – ગ્રે લિસ્ટ
(FATFએ તાજેતરમાં કેમેન ટાપુ, પનામા, જોર્ડન અને અલ્બેનિયા સહિત ઘણા દેશોને તેની 'ગ્રે લિસ્ટ'માંથી હટાવ્યા છે, જ્યારે બલ્ગેરિયાને આ યાદીમાં ઉમેર્યું છે.)

25. કયો દેશ ઉત્તરાખંડમાં ભારતના હંગર પ્રોજેક્ટને મદદ કરશે ? – નોર્વે

26. 2024માં વૈશ્વિક વૃદ્ધિ માટે IMFનું અનુમાન શું છે ? – 2.9%

27. IAFએ ચીન અને પાકિસ્તાનની સરહદો પર કેટલા S-400 એર ડિફેન્સ મિસાઈલ સ્ક્વોડ્રોન તૈનાત કર્યા છે ? – ત્રણ

28. દરેક જિલ્લામાં હોલમાર્કિંગ સેન્ટર ધરાવતું ભારતનું કયું રાજ્ય પ્રથમ છે ? – કેરળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

29. ભારતમાં કઈ યુનિવર્સિટી પોતાનો સેટેલાઈટ લોન્ચ કરી રહી છે ? – અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી

(અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) ભારતમાં તેનો સેટેલાઈટ SS-AMU SAT લોન્ચ કરી રહી છે. તે પોતાનો સેટેલાઈટ લોન્ચ કરનાર ભારતની પ્રથમ યુનિવર્સિટીમાંની એક છે.)

30. 2023 ફોર્મ્યુલા વન મેક્સિકો સિટી ગ્રાન્ડ પ્રિક્સ કોણે જીત્યું છે ? – મેક્સ વેસ્ટાપેન

31. RBIએ 2023માં પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRB) માટે બલ્ક ડિપોઝીટ મર્યાદામાં કેટલી રકમ વધારી છે ? – રૂ. 1 કરોડ

32. ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક 2024માં કઈ નાની ફાઈનાન્સ બેંક સાથે મર્જ થવાની તૈયારીમાં છે ? – AU સ્મોલ ફાઈનાન્સ બેંક

33. કઈ કંપનીએ રિલાયન્સ નેવલ એન્ડ એન્જિનિયરિંગનું અધિગ્રહણ કર્યુ છે ? – સ્વાન એનર્જી

34. 2023માં 37મી નેશનલ ગેમ્સની સત્તાવાર સ્પોન્સર કઈ કંપની છે ? – Paytm

35. વિશ્વ સ્ટ્રોક દિવસ દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ? – 29 ઓક્ટોબર

36. પરોપકાર અને કોર્પોરેટ સામાજિક જવાબદારી માટે 2023નો USISPF ગ્લોબલ લીડરશિપ એવોર્ડ કોને મળ્યો છે ? – નીતા અંબાણી

37. વિસ્ટ્રોનની ભારતીય કામગીરીને હસ્તગત કર્યા પછી કયું ભારતીય જૂથ ભારતનું પ્રથમ આઈફોન ઉત્પાદક બનવા માટે તૈયાર છે ? – ટાટા ગ્રુપ

38. કઈ ફ્રેન્ચ એરો એન્જિન કંપનીએ ઓક્ટોબર 2023માં એરોસ્પેસમાં ઔદ્યોગિક સહયોગ વધારવા હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે MoU પર હસ્તાક્ષર કર્યા હતા ? – સેફ્રાન એરક્રાફ્ટ એન્જિન

39. ઓક્ટોબર 2023માં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના નવા સ્પીકર તરીકે કોણ ચૂંટાયા છે ? – માઈક જોહ્ન્સન

40. તાજેતરમાં લી કેકિઆંગનું નિધન થયું હતું. તે કયા દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન હતા ? – ચીન

41. ભારતીય સેનાએ 76મો 'શૌર્ય દિવસ' ક્યાં ઉજવ્યો હતો ? – જમ્મુ અને કાશ્મીર

42. કયા દેશે 2023માં તેની અત્યાર સુધીની યુવા અવકાશ ટુકડીને લોન્ચ કરી છે ? – ચીન

43. ગ્લોબલ ટીચર પ્રાઈઝ 2023 માટે કયા ભારતીય શિક્ષકને ફાઈનલિસ્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા ? – દીપ નારાયણ

44. કઈ રાજ્ય સરકારે 2023માં 'જય ભીમ મુખ્યમંત્રી પ્રતિભા વિકાસ યોજના' શરૂ કરી છે ? – દિલ્હી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

45. કયા ટેલિકોમ ઓપરેટરે AI દ્વારા ઉન્નત ઈન–હોમ સેવાઓ પ્રદાન કરવા માટે Plume સાથે ભાગીદારી કરી છે ?
– રિલાયન્સ જિયો

46. કઈ ફૂડ ડિલિવરી એપ્લિકેશને મહિલા ડિલિવરી પાર્ટનર માટે પ્રસૂતિ વીમો રજૂ કર્યો છે ? – Zomato

47. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'iStart ટેલેન્ટ કનેક્ટ પોર્ટલ' શરૂ કર્યુ છે ? – રાજસ્થાન

48. કઈ બોલિવૂડ અભિનેત્રીને સ્વિસ ઘડિયાળ નિર્માતા રાડોની વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવી છે ? – કેટરીના કૈફ

49. ઓક્ટોબર 2023માં કયા શહેરે ગ્રીન ટુરીઝમ કોન્કલેવનું આયોજન કર્યુ હતું ? – શિલોંગ

50. ભારતીય મહીલા ટીમના મુખ્ય કોચ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અમોલ મઝુમદાર

51. કયા દેશે 1 અને 2 નવેમ્બરના રોજ AI સમિટનું આયોજન કર્યુ હતું ? – યુનાઈટેડ કિંગ્ડમ

52. ભારતમાં જન્મેલા લેખિકા _____ ને તેમના પુસ્તક 'કોર્ટિંગ ઈન્ડિયા : ઈંગ્લેન્ડ, મુઘલ ઈન્ડિયા એન્ડ ધ ઓરિજિન્સ ઓફ એમ્પાયર' માટે વૈશ્વિક સાંસ્કૃતિક સૂઝ–બૂઝ માટે બ્રિટિશ એકેડેમી બુક એવોર્ડ 2023થી નવાજવામાં આવ્યા છે. – સુશ્રી નંદિની દાસ

53. તાજેતરમાં વાનખેડે સ્ટેડિયમમાં કોના સ્ટેચ્યૂનું અનાવરણ કરવામાં આવ્યું હતું ? – શ્રી સચિન તેંડુલકર

54. ભારતીય વાયુસેના (IAF)ની નંબર 4 સ્ક્વોડ્રન Mig-21 બાઈસનને બદલે _____ થી બદલી છે.
– Sukhoi-30 MKI

55. તાજેતરમાં રોહિણી નય્યર એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી દીનાનાથ રાજપૂત

56. કલાદન મલ્ટિ–મોડલ ટ્રાન્ઝિટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (KMTTP)નો હેતુ કોલકાતા બંદરને કયા દેશ સાથે જોડવાનો છે ? – મ્યાનમાર

57. કયા યુરોપિયન દેશે 2024થી તેની 'ગોલ્ડન વિઝા પહેલ' બંધ કરવાની જાહેરાત કરી છે ? – નેધરલેન્ડ

58. કયો દેશ 'ઈન્ટિગ્રલ ફિલ્ડ અલ્ટ્રાવાયોલેટ સ્પેક્ટ્રોસ્કોપ એક્સિપેરિમેન્ટ (INFUSE)' સાથે સંકળાયેલ છે ?
– USA

59. ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI)એ કયા સ્થળે 'ટકાઉ વેપાર અને સતત ધોરણો' (સસ્ટેનેબલ ટ્રેડ એન્ડ સ્ટાન્ડ્ર્ડ્સ)ની ત્રીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું ? – દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


यु जमीन पर बैठ क्यों आसमान देखता है|
खोल पंखो को, ये जमाना उड़ान देखता है ||
PSI-કોન્સ્ટેબલ
પરીક્ષાની તૈયારીનો
એક નવો યુગ...
નવી બેચ ટૂંક સમયમાં..
વિશેષ માહિતી માટે અત્યારે જ કોલ કરો
(સવારે 10 થી 7)
OFFLINE
રાજકોટ
93280
01110
સ્વામિનારાયણ મંદિર પાસે,
કાલાવડ રોડ, રાજકોટ.
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT